RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 265* Date: 23.07.2022, Saturday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

# દિલ્હી સરકારની નવી એક્સાઈઝ પોલિસીની સીબીઆઇ તપાસ થઈ શકે છે

**તેઓ સાવરકરના સંતાનો છે અમે તો ભગતસિંહને અમારા આદર્શ માનીએ છીએ જેમણે અંગ્રેજો સામે ઝુકવાની ના પાડી હતી : અરવિંદ કેજરીવાલ**



નવીદિલ્હી,તા.૨૨

દિલ્હીની અરવિંદ કેજરીવાલ સરકારની એક્સાઈઝ નીતિ અંગે સીબીઆઈ તપાસ થઈ શકે છે. દિલ્લીના લેફ્ટનન્ટ ગવર્નર (એલજી) વીકે સક્સેનાએ આની ભલામણ કરી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર એક્સાઈઝ પૉલિસી કેસમાં કથિત છેતરપિંડીની શક્યતાને ધ્યાનમાં રાખીને એલજીએ સીબીઆઈને તપાસ માટે પત્ર લખ્યો છે. દિલ્હીની નવી આબકારી નીતિમાં દારૂની દુકાનોના ટેન્ડરમાં ગેરરીતિના આક્ષેપો થયા છે. જણાવવામાં આવી રહ્યુ છે કે દિલ્હી સરકારની નવી એક્સાઈઝ પૉલિસીમાં ઘણા નિયમોને અવગણીને ટેન્ડર બહાર પાડવામાં આવ્યા હતા.

એલજી વિનય કુમાર સક્સેનાએ દિલ્હી ના મુખ્ય સચિવના અહેવાલ બાદ સરકાર સામે સીબીઆઈ તપાસની ભલામણ કરી છે. આ રિપોર્ટમાં રાજ્ય સરકાર પર નિયમોની અવગણના કરવાની વાત કરવામાં આવી હતી. મુખ્ય વિપક્ષી પાર્ટી ભાજપ દિલ્લીની નવી એક્સાઈઝ નીતિઓને લઈને 'આપ' સરકાર પર સતત પ્રહારો કરી રહી છે. આવી સ્થિતિમાં મુખ્ય સચિવના રિપોર્ટ બાદ દિલ્હીના લેફ્ટનન્ટ ગવર્નરે કેજરીવાલ સરકાર સામે સીબીઆઈ તપાસની ભલામણ કરી હતી જેને મોટી કાર્યવાહી માનવામાં આવે છે.આ તપાસ રિપોર્ટમાં ઘણા નિયમોની અવગણના કરવામાં આવી હોવાનો દાવો કરવામાં આવ્યો છે. રિપોર્ટ અનુસાર દિલ્હીની આમ આદમી પાર્ટી સરકાર પર લાયસન્સ ધારકોને ગેરકાનૂની રીતે લાભ આપવાનો આરોપ છે. રિપોર્ટમાં સૌથી મોટો આરોપ છે કે જ્યારે કોરોના વાયરસ રોગચાળાને કારણે પરપ્રાંતિય મજૂરો દિલ્હી છોડી રહ્યા હતા, લોકો મરી રહ્યા હતા, શેરી વિક્રેતાઓ તેમની આજીવિકા માટે પડકારોનો સામનો કરી રહ્યા હતા, ઢાબા, રેસ્ટોરન્ટ, હોટેલ, જીમ, શાળાઓ પણ બંધ થઈ રહી હતી, તેમને કેજરીવાલ સરકારે મદદ કરી નથી પરંતુ લાંચ કમિશનના બદલામાં, દારૂના વેપારીઓની ૧૪૪ કરોડ રૂપિયાની લાઈસન્સ ફી માફ કરી દીધી, જેનાથી તિજોરીને મોટું નુકસાન થયું.આ રિપોર્ટમાં દિલ્હીના ડેપ્યુટી સીએમ મનીષ સિસોદિયાની ભૂમિકા પર પણ સવાલ ઉઠાવવામાં આવ્યા છે.

ઉપરાજયપાલ વીકે સક્સેનાએ કેજરીવાલ સરકારની એક્સાઈઝ પોલિસી ૨૦૨૧-૨૨ માં નિયમોના ભંગ અને ખામીઓને લઈને તેની સીબીઆઇ તપાસની ભલામણ કરી છે.જેને લઈને આજે મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે પ્રેસ કોન્ફરન્સ કરી હતી. મુખ્યમંત્રી કેજરીવાલે કહ્યું કે એલજીએ કેન્દ્ર સરકારના ઈશારે સીબીઆઇ તપાસની ભલામણ કરી છે. તેમણે કહ્યું કે અમે જેલમાં જવાથી નથી ડરતા. અમે ભગતસિંહના સંતાનો છીએ.

કેજરીવાલે કહ્યું કે, કેન્દ્ર સરકાર જાણી જોઈને દિલ્હી સરકારના કામમાં અડચણ ઉભી કરી રહી છે. કેન્દ્રની મોદી સરકાર આમ આદમી પાર્ટીની લોકપ્રિયતાથી ગભરાઈ ગઈ છે. તેમણે પહેલા ઈડીનો દુરુપયોગ કરીને દિલ્હીના આરોગ્ય પ્રધાન સત્યેન્દ્ર જૈનને જેલમાં મોકલ્યા અને હવે તેઓ રાજ્યના શિક્ષણ પ્રધાન મનિષ સિસોદિયાને ફસાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. તેમણે કહ્યું, 'હું સિસોદિયાને વર્ષોથી ઓળખું છું.

તે એક કટ્ટર પ્રામાણિક માણસ છે અને હવે કેન્દ્ર સરકાર તેમને ફસાવવાની યોજના બનાવી રહી છે.''અરવિંદ કેજરીવાલે કહ્યું કે, દિલ્હીના ડેપ્યુટી સીએમ મનીષ સિસોદિયાની ટૂંક સમયમાં ધરપકડ થઈ શકે છે. તેમની સામે ષડયંત્ર રચાયું છે.

મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે કહ્યું કે, મનીષ સિસોદિયાને બળજબરીથી ફસાવવાનું ષડયંત્ર છે. થોડા દિવસોમાં સીબીઆઈ મનીષ સિસોદિયાની ધરપકડ કરવા જઈ રહી છે. મેં આ વિશે ૩-૪ મહિના પહેલા કહ્યું હતું મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે કહ્યું કે મેં પહેલા જ કહ્યું હતું કે આ લોકો મનીષની ધરપકડ કરવા જઈ રહ્યા છે. હવે આપણા દેશની અંદર એક નવી સિસ્ટમ લાગુ કરવામાં આવી છે. પહેલા નક્કી કરવામાં આવે છે કે કયા વ્યક્તિને જેલમાં મોકલવો. ત્યારપછી તેની સામે બનાવટી ખોટો કેસ કરવામાં આવે છે.

સીએમ અરવિંદ કેજરીવાલે કહ્યું કે, તમારે જેલથી ડરવું જ જોઈએ. તમે સાવરકરના સંતાનો છો, જેમણે અંગ્રેજોની માફી માંગી હતી. અમે જેલથી ડરતા નથી. અમે ભગતસિંહને અમારા આદર્શ માનીએ છીએ જેમણે અંગ્રેજો સામે ઝૂકવાની ના પાડી અને પોતાને ફાંસી આપી.

આ તરફ આપના વરિષ્ઠ નેતા દિલીપ પાંડેએ ટ્વિટ કર્યું, ''આખું ભારત જાણે છે કે મનીષ સિસોદિયાએ કેટલી પ્રમાણિકતાથી દિલ્હીના બાળકો માટે શાળાઓ બનાવી છે અને અનેક સારા કામો કર્યા છે.

હકીકતમાં મોદીજી કેજરીવાલની વધતી લોકપ્રિયતાથી ડરી ગયા છે, આથી તમામ કામ છોડીને ઈડી, સીબીઆઇ પાસે નકલી કેસ કરાવી રહ્યા છે, પરંતુ અમે આ બધાથી ડરતા નથી.

## મૂસેવાલાની હત્યા પછી તરત જ હત્યારાઓએ તિહારમાં ફોન કર્યો હતો!

નવીદિલ્હી,તા.૨૨

પંજાબી સિંગર સિદ્ધુ મૂઝવાલા મર્ડર કેસમાં નવા ખુલાસા થઈ રહ્યા છે. હવે જે માહિતી મળી છે તે હત્યામાં તિહાર કનેક્શન હોવાના સ્પષ્ટ સંકેતો આપે છે. હવે જાણવા મળ્યું છે કે મુસેવાલાની હત્યા બાદ તરત જ લોરેન્સ બિશ્નોઈને તિહાર જેલમાં ફોન દ્વારા જાણ કરવામાં આવી હતી. ઓડિયો ક્લિપમાં મુસેવાલાની હત્યાની કબૂલાત કરવામાં આવી છે. શૂટરે લોરેન્સને કહ્યું કે તેણે સિદ્ધુ મુસેવાલાની હત્યા કરી છે. ૨૯ મેના રોજ પંજાબના માનસા ગામમાં મૂસેવાલાની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી.

એક ન્યૂઝ ચેનલે દાવો કર્યો છે કે તેમની પાસે આ ઓડિયો ક્લિપ છે. એક મોટો ખુલાસો કરતા, લોરેન્સ બિશ્નોઈના ગુનેગારો સીધા તેમના માસ્ટરની સામે ગુનો કબૂલતા જોવા મળે છે. આ ઓડિયો લગભગ એક મિનિટ ૩૦ સેકન્ડનો છે. આ ક્લિપમાં હત્યા બાદ અભિનંદન પાઠવવામા આવી રહ્યા છે. જોકે આ ઓડિયો ક્લિપની વિશ્વસનીયતાની પુષ્ટિ કરી શકાય તેમ નથી હત્યા પછી તરત જ, શૂટર તિહાર જેલમાં લોરેન્સ બિશ્નોઈને ફોન કરે છે અને કહે છે કે સ્પીકર ચાલુ નથી. મને ગોલ્ડી સાથે વાત કરવા દો. અભિનંદન ભાઈપ સારું. આ માટે લોરેન્સ માત્ર હા જવાબ આપે છે. બાદમાં શૂટર કહે છે કે જ્ઞાનીએ કાર ચઢાવી દીધી છે. લોરેન્સને આ વાત સમજાતી નથી. ગોળીબાર કરનાર ફરી કહે છે કે જ્ઞાનીએકાર ચઢાવી દીધી છે. લોરેન્સ ફરી પૂછે છે. જવાબમાં શૂટર સ્પષ્ટ કહે છે કે તેણે મુસેવાલાને માર્યો હતો.

૨૦ જુલાઈના રોજ, પંજાબ પોલીસે અટારી બોર્ડર પર એક એક્રાઉન્ટરમાં મૂસેવાલા હત્યાકાંડમાં સામેલ ચાર શાર્પ શૂટરોને મારી નાખ્યા હતા. લગભગ પાંચ કલાક સુધી ચાલેલા એક્રાઉન્ટરમાં ત્રણ પોલીસકર્મીઓ પણ ઘાયલ થયા હતા. આ એક્રાઉન્ટરમાં ગેંગસ્ટર જગરૂપ સિંહ રૂપા અને પાર્ટનર મનપ્રીત મન્નુ કુસા માર્યા ગયા છે. આ બંને મુસેવાલાની હત્યાના મુખ્ય આરોપીઓમાંના એક હતા. બંને જગ્ગુ ભગનપુરિયા ગેંગના હતા. લોરેન્સ બિશ્નોઈ આ શૂટરોને ભગનપુરિયાએ પૂરા પાડ્યા હતા.

એક દિવસ પહેલા મૂસેવાલાના પિતા બલકૌર સિંહને પણ જાનથી મારી નાખવાની ધમકી મળી છે. પાકિસ્તાન તરફથી એક ઈન્સ્ટાગ્રામ પોસ્ટમાં લખ્યું હતું કે, 'નેક્સ્ટ નંબર બાપુ કા'. પંજાબ પોલીસે આ મામલે તપાસ શરૂ કરી છે. મળતી માહિતી મુજબ, ધમકી મળ્યા બાદ મૂસેવાલાના પિતા થોડા દિવસો માટે ગામની બહાર ચાલ્યા ગયા હતા. સિદ્ધુ મુસેવાલાના ઈન્સ્ટાગ્રામ પેજ દ્વારા આ જાણકારી આપવામાં આવી છે.

## ૧૩-૧૫ ઓગસ્ટ સુધી ઘરોમાં તિરંગો ફરકાવો : મોદીએ લોકોને અપીલ કરી

નવીદિલ્હી,તા.૨૨

ભારત ૧૫ ઓગસ્ટે તેનો સ્વતંત્રતા દિવસ ઉજવે છે. દર વર્ષે તે ધામધૂમથી ઉજવવામાં આવે છે. આ દિવસે લોકો પોતાના ઘરે ત્રિરંગો ફરકાવે છે અને સ્વતંત્રતાની ઉજવણી કરે છે. પરંતુ આ વખતે દેશભરના તમામ ઘરોમાં ત્રિરંગો લહેરાવતો જોવા મળશે. વાસ્તવમાં, પીએમ મોદીએ લોકોને ૧૩ ઓગસ્ટથી ૧૫ ઓગસ્ટની વચ્ચે પોતપોતાના ઘરોમાં રાષ્ટ્રધ્વજ ફરકાવીને 'હર ઘર ત્રિરંગા' અભિયાનને મજબૂત બનાવવાની અપીલ કરી છે.

વડાપ્રધાન મોદીએ ટ્વીટ કર્યું કે, આ અભિયાન ત્રિરંગા સાથે અમારું જોડાણ વધુ ગાઢ બનાવશે. તેમણે એમ પણ જણાવ્યું કે ૨૨ જુલાઈ ૧૯૪૭ના રોજ ત્રિરંગાને રાષ્ટ્રધ્વજ તરીકે અપનાવવામાં આવ્યો હતો. પીએમ મોદીએ કહ્યું કે, ''આજે આપણે એ તમામ લોકોના સાહસ અને પ્રયત્નોને યાદ કરીએ છીએ જેમણે સ્વતંત્ર ભારત માટે ધ્વજનું સ્વપ્ન જોયું હતું જ્યારે આપણે સંસ્થાનવાદી શાસન સામે લડી રહ્યા હતા. અમે તેમના સપના સાકાર કરવા અને તેમના સપનાના ભારતનું નિર્માણ કરવાની અમારી પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કરીએ છીએ.''

તેમણે વધુમાં કહ્યું, ''આ વર્ષે, જેમ આપણે 'આઝાદી કા અમૃત' તહેવાર ઉજવીએ છીએ, ચાલો આપણે 'હર ઘર તિરંગા' ચળવળને મજબૂત કરીએ. ૧૩ ઓગસ્ટથી ૧૫ ઓગસ્ટ સુધી તમારા ઘરોમાં ત્રિરંગો ફરકાવો. આ અભિયાન રાષ્ટ્રધ્વજ સાથે અમારું જોડાણ વધુ ગાઢ બનાવશે. તેમણે ભારતના પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નેહરુ દ્વારા લહેરાવવામાં આવેલા પ્રથમ ત્રિરંગાની તસવીર પણ ટ્વીટ કરી હતી.

સરકારે ભારતની આઝાદીની ૭૫મી વર્ષગાંઠ પર 'હર ઘર તિરંગા' અભિયાન શરૂ કરવાની યોજના બનાવી છે.

## ટ્રાન્ઝીશનલ ક્રેડીટના દાવા માટે ૬૦ દિવસ પોર્ટલ ખુલ્લુ રાખવા સુપ્રિમ કોર્ટનો આદેશ

નવીદિલ્હી,તા.૨૨

વન નેશન-વન ટેક્સ એવા જીએસટીના યુગમાં અગાઉના ટેક્સ માળખામાં જે વ્યાપાર-ઉદ્યોગકારોની ક્રેડીટ અટવાઈ પડી હતી તેવા કરદાતાઓ માટે સર્વોચ્ચ અદાલતે અત્યંત મહત્વપૂર્ણ ચૂકાદો આપ્યો છે અને કરદાતાઓ ટ્રાન્ઝીશનલ ક્રેડીટ મેળવી શકે તે માટે જીએસટી પોર્ટલ બે મહિના માટે ખુલ્લુ રાખવાનો આદેશ કર્યો છે.

દેશમાં જીએસટી લાગુ પડ્યો તે પૂર્વે અધિકૃત કરદાતાઓ દ્વારા ટ્રાન્ઝીશનલ ફોર્મ-૨ (ટ્રાન્સ-૨) ફોર્મ ભરવામાં આવતું હતું અને તેના આધારે ક્રેડીટ મેળવી શકતા હતા. જીએસટી લાગુ થયા બાદ આવા સેંકડો વેપાર-ઉદ્યોગના કરદાતાઓની જૂની ક્રેડીટ અટવાઇ ગઇ હતી. જીએસટી લાગુ થયો ત્યારે જે વેપાર-ઉદ્યોગકારો પાસે જૂનો સ્ટોક હતો અને તેના પર ટેક્સ ચૂકવાયેલો હતો તેની ટ્રાન્ઝીશનલ ક્રેડીટ જીએસટી પોર્ટલની ખામીને કારણે મળી શકી ન હતી અને આ મામલો લાંબા વખતથી કાનૂની યુધ્ધમાં પલટાયો હતો. આ બારામાં સંખ્યાબંધ અરજીઓ પણ થઇ હતી. છેવટે સર્વોચ્ચ અદાલત દ્વારા સેંકડો કરદાતાઓને રાહતકર્તા ચુકાદો આપવામાં આવ્યો છે.

સર્વોચ્ચ અદાલતે ચૂકાદામાં જણાવ્યું છે કે, ૧લી સપ્ટેમ્બરથી ૩૦ ઓક્ટોબર સુધીનાં ૬૦ દિવસ માટે ટ્રાન્ઝીશનલ ક્રેડીટ મેળવવા માટે કરદાતાઓ માટે જીએસટી પોર્ટલ ખુલ્લુ મુકવામાં આવે. અરજી કરી હોય કે ન કરી હોય તો પણ તમામેતમામ કરદાતાઓને લાભ આપવામાં આવે.

ચૂકાદામાં એવી પણ તાકીદ કરવામાં આવી છે કે ટ્રાન્ઝીશનલ ક્રેડીટના દાવા પેશ કરવા માટે ૬૦ દિવસ ખુલ્લા મુકાનારા જીએસટી પોર્ટલમાં એક પ્રકારની ટેકનિકલ ખામી ઉભી થવી ન જોઇએ કારણ કે ટેકનિકલ ક્ષતિઓને કારણે જ વારંવાર કરદાતાઓ નિયત સમયમાં રિટર્ન ફાઈલ કરી શકતા નથી.

૬૦ દિવસમાં ફાઈલીંગ પૂર્ણ થયા બાદ ક્રેડીટના દાવા ચકાસવા માટે અને યોગ્ય હુકમો જારી કરવા માટે અધિકારીઓને ૯૦ દિવસનો સમય આપવાનું પણ અદાલતે જાહેરકર્યું છે. ત્યારબાદ ક્રેડીટ ઈલેક્ટ્રોનિક ક્રેડીટ લેઝરમાં દર્શાશે. અદાલતે સેન્ટ્રલ બોર્ડ ઓફ ઈનડાયરેક્ટ ટેક્સીસને પણ આ મામલામાં યોગ્ય આદેશો જારી કરવાની સૂચના આપી છે.

## ૧૪ વર્ષમાં ઈડીએ ૧૬ હજારથી વધુ કેસ દાખલ કર્યા,ફકત ૧૫માં દોષ સાબિત થયો : સંજય સિંહ



નવીદિલ્હી,તા.૨૨

આમ આદમી પાર્ટીના નેતા સંજયસિંહે સરકારી એજન્સીઓ પર સવાલ ઉઠાવતા પ્રવર્તન નિદેશાલયનો એક આંકડો સંયુકત કર્યો છે.જેમાં તેમણે દાવો કર્યો છે કે ગત ૧૪ વર્ષોમાં ઈડીએ ૧૬ હજારથી વધુ કેસ દાખલ કર્યા છે જેમાંથી માત્ર ૧૫ મામલામાં દોષ સાબિત થયા છે.સંજયસિંહે કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકાર અને ભાજપ પર પ્રહારો કરતા કહ્યું કે આ લોકતંત્ર માટે ખતરનાક છે. સંજય સિંહે શૂન્યકાળમાં આ ઉઠાવ્યો હતો આ પત્રને સંજયસિંહે પોતાના ટ્વિટર પર પણ સંયુકત કર્યો છે.

કેન્દ્રીય તપાસ એજન્સી પ્રવર્તન નિદેશાલયના વધતા દુરૂપયોગના વિષય પર સંજયસિંહે રાજયસભાના મુખ્ય સચિવને પત્ર લખ્યો છે.આ પત્રમાં સંજય સિંહે લખ્યું છે કે કેન્દ્રીય તપાસ એજન્સી પ્રવર્તન નિદેશાલયનો વધતો દુરૂપયોગ અને વિરોધ પક્ષોના નેતાઓ પર તેની એક તરફી કાર્યવાહી,એજન્સીની કાર્ય પ્રણાલી પર પ્રશ્ન ઉભા કરે છે.મોહદય કેન્દ્રીય એજન્સી દ્વારા દિલ્હીના આરોગ્ય મંત્રી સત્યેન્દ્ર જૈન અને વિરોધ પક્ષોના નેતાઓ પર મનમાની રીતે કેસ દાખલ કરવામાં આવી રહ્યાં છે.

સંજયસિંહે આગળ લખ્યું છે કે ગત ૧૪ વર્ષોમાં પ્રવર્તન નિદેશાલયે ૧૬૦૦૦થી વધુ કેસ દાખલ કર્યા છે અને ફકત ૧૫ લોકો પર જ આરોપ સિધ્ધ થઇ શકયા છે.કેન્દ્રીય તપાસ એજન્સીના વધતા દુરૂપયોગ લોકતંત્ર માટે એક મોટો ખતરો છે જેના પર વ્યાપક ચર્ચા થવી અત્યંત જરૂરી છે.મહેરબાની કરીને શૂન્યકાળ દરમિયાન મને અમારી વાત રાખવાની મંજુરી આપવામાં આવે

આ પહેલા સંજયસિંહે જણાવ્યું હતું કે કેન્દ્ર સરકારની એજન્સીઓએ અમારા ૩૪-૩૪ ધારાસભ્યોને પકડીને જેલમાં નાખ્યા તેમના પર ૧૪૦ કેસ લગાવવામાં આવ્યા જેમાંથી ૭૨માં તેમને ન્યાયાલયતી કલીન ચિટ મળી ગઇ છે.દિલ્હી પોલીસને તેમાંથી અનેક મામલામાં ફટકાર મળી છે.સત્યેન્દ્ર જૈનની ઉપર સીબીઆઇ અને ઈડીએ અનેક મામલા એક સાથે ચલાવ્યા છે.મુખ્યમંત્રીની કચેરી પર સીબીઆઇના દરોડા પડયા,જેમાં રાજેન્દ્રકુમાર મુખ્યમંત્રીના મુખ્ય સચિવની ધરપકડ કરવામાં આવી તેમને અપમાનિત કરવામાં આવ્યા ગાળો બોલવામાં આવી છેલ્લા સાત વર્ષથી તેઓ સસ્પેડ છે આજ સુધી તેમની વિરૂધ્ધ કોઉ પુરાવા મળ્યા નથી અને કોઇ મામલો બન્યો નથી નાયબ મુખ્યમંત્રી મનીષ સિસોદિયાના ઘરે સીબીઆઇના દરોડા પડયા આજ સુધી કંઇ નિકળ્યું નથી કૈલાશ ગહલોતના ધરે સીબીઆઇના દરોડા પડયા કહી દેવામાં આવ્યું કે અમારી પાસે કોઇ પુરાવા નથી

સંજયસિંહે મોંધવારી અને જીએસટીને લઇ સરકાર પર પ્રહારો કર્યા હતાં તેમણે કહ્યું કે મોંધવારીથી જનતાની કમર તુટી ગઇ છે.

## દેશમાં કોરોનાના કેસનો આંકડો ૨૧ હજારને પાર

નવીદિલ્હી,તા.૨૨

સમગ્ર વિશ્વમાં કોરોનાના વધતા જતા કેસોએ ફરી એકવાર ચિંતા વધારી દીધી છે. ભારતમાં પણ કોરોનાથી સંક્રમિત દર્દીઓની સંખ્યા ઝડપથી વધી રહી છે. દેશમાં ફરી એકવાર કોરોનાના ૨૧ હજારથી વધુ કેસ નોંધાયા છે. છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૨૧,૮૮૦ નવા કેસ નોંધાયા છે. જ્યારે ૬૦થી વધુ લોકોએ જીવ ગુમાવ્યો હતો. કોરોનાના એક્ટિવ કેસોની સંખ્યા વધીને ૧ લાખ ૪૯ હજાર ૪૮૨ થઈ ગઈ છે. આ સિવાય કોરોનાથી સંક્રમિત ૨૧ હજાર ૨૧૯ દર્દીઓ સ્વસ્થ પણ થયા છે.કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડા અનુસાર, કોરોનાના કારણે છેલ્લા ૨૪ કલાકમાં ૬૦ દર્દીઓના મોત થયા હતા. આ સાથે દેશમાં મૃત્યુઆંક વધીને ૫,૨૫,૯૩૦ થઈ ગયો છે. દેશમાં કોવિડ-૧૯ની સારવાર હેઠળ દર્દીઓની સંખ્યા વધીને ૧,૪૯,૪૮૨ થઈ ગઈ છે, જે કુલ કેસના ૦.૩૪ ટકા છે. છેલ્લા ૨૪ કલાકમાં સારવાર હેઠળના દર્દીઓની સંખ્યામાં ૬૦૧ કેસનો વધારો થયો છે. દર્દીઓનો સ્વસ્થ થવાનો નેશનલ દર ૯૮.૪૬ ટકા છે. સ્વાસ્થ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર, છેલ્લા ૨૪ કલાકમાં ૨૧૨૧૯ લોકો કોરોનાથી સ્વસ્થ થયા છે. તેમાંથી કેરળમાં ૩૧૮૮, બંગાળમાં ૩૧૨૪, મહારાષ્ટ્રમાં ૨૪૦૦ અને તમિલનાડુમાં ૨૨૯૦ લોકોએ કોવિડને હરાવ્યો છે. અન્ય રાજ્યોમાં સ્વસ્થ થનારા લોકોની સંખ્યા ૨ હજારથી નીચે રહી છે. દેશમાં અત્યાર સુધીમાં કુલ ૪,૩૧,૭૧,૬૫૩ લોકો કોરોનાથી સાજા થયા છે. દેશમાં કોરોનાના એક્ટિવ કેસની સંખ્યા વધીને ૧,૪૯,૪૮૨ થઈ ગઈ છે. છેલ્લા એક દિવસમાં તેમાં ૬૦૧નો વધારો થયો છે. આમાં પંજાબમાં ૩૯૦, જમ્મુ-કાશ્મીરમાં ૩૫૩ અને છત્તીસગઢમાં ૨૯૩ કેસ વધ્યા છે. એક્ટિવ કેસોમાં સૌથી વધુ ઘટાડો બંગાળ (૬૪૪) અને ઓડિશા (૬૩૪) અને કેરળ (૫૪૮)માં આવ્યો છે. મંત્રાલયના જણાવ્યા અનુસાર, દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૪,૯૫,૩૫૯ લોકોના કોરોના ટેસ્ટ કરવામાં આવ્યા છે. એક દિવસમાં કુલ ૩૭,૦૬,૯૯૭ લોકોને કોરોના સામે રસી આપવામાં આવી હતી. અત્યાર સુધીમાં કુલ ૨,૦૧,૩૦,૯૭,૮૧૯ ડોઝ આપવામાં આવ્યા છે.

## તંત્રી સ્થાનેથી...

# પરીક્ષામાં અભદ્રતા

પરીક્ષામાં નકલ સભ્ય સમાજમાં કલંક છે. એ જરૂરી છે કે દરેક પરીક્ષા નકલ રહિત હોવી જોઈએ, પરંતુ નકલ રોકવાના નામે અભદ્રતા કરવી તો નકલથી પણ ખરાબ છે. નકલ રહિત પેપર કરાવવાના નામે નીટ પરીક્ષામાં જે થયું તેને કોઈપણ સ્થિતિમાં યોગ્ય ન ઠેરવી શકાય. કેરળના કોલ્લમ જિલ્લામાં તાજેતરમાં પરીક્ષા પહેલાં તપાસના નામે છોકરીઓનાં અંતઃવસ્ત્રો ઉતારાવાયાં. તપાસ પ્રક્રિયા બાદ જે છોકરીઓના અંતઃવસ્ત્રોમાં મેટલ હુક હતા, તેમને એક તરફ કરવામાં આવી. પછી એક-એક કરીને છોકરીઓને રૂમમાં મોકલવામાં આવી અને તેમનાં અંતઃવસ્ત્રો દૂર કરવાનું કહ્યું. ત્યારબાદ અંતઃવસ્ત્રો હાથમાં લઈને જ એક્ઝામ સેન્ટરની બહાર જવાનું કહેવામાં આવ્યું, પરંતુ છોકરીઓ ન માની અને ફરીથી એ જ રૂમમાં જઈને અંતઃવસ્ત્રો પહેરી લીધાં. ત્યારબાદ જ તે સેન્ટરની બહાર નીકળી. નકલ રોકવાની આ કાર્યપ્રણાલી વિરુદ્ઘ એક વિદ્યાર્થિનીના પિતાએ કેસ પણ નોંધાવ્યો છે, જેમાં અત્યાર સુધી પાંચ ધરપકડ થઈ ચૂકી છે. ઘટનાના વિરોધમાં આજે કેરળ અને રાજ્યની બહાર કેટલીય જગ્યાએ પ્રદર્શનો થયાં. પ્રદર્શનો થવાં પણ જોઈએ.

નકલ રોકવાના નામે કિશોરીઓ સાથે આવી અભદ્રતા સહેજ પણ સહન ન કરી શકાય. જોવામાં આવે તો નકલ કરનારા એક ટકાથી પણ ઓછા, તેમને રોકવા માટે ૯૯ ટકા અભ્યર્થીઓ પર શંકા અને સખ્તાઈ ક્યાં સુધી વાજબી છે? નકલ રોકવી હોય તો સરકાર કડક કાયદો બનાવે, જવાબદાર પરીક્ષા આયોજનની હાઈટેક અને પારદર્શી વ્યવસ્થા કરે. પરીક્ષાઓમાં નકલ રોકવા માટે મહિલાઓનાં આભૂષણથી લઈને તેમનાં મંગળસૂત્ર સુદ્ઘાં ખોલાવવાં હવે પરંપરા બની ગઈ છે. મહિલા અભ્યર્થીઓને કાનની બુટ્ટીઓ, મંગળસૂત્ર, દુપટ્ટા વગેરે બહાર મૂકાવ્યા બાદ જ પ્રવેશ આપવામાં આવે છે. જે પરીક્ષા કેન્દ્રમાં લાંબી બાંયના શર્ટ, સલવાર સૂટ પહેરીને જાય તો લાંબી બાંયો પર કાતર ચલાવવાની ઘટનાઓ પણ સામે આવી છે. નકલ રોકવામાં લાગેલ મહેકમ દર વખતે આદેશ જાહેર કરી દે છે કે પરીક્ષાર્થી કોઈ ઝવેરાત પહેરીને ન આવે. અભ્યર્થીઓમાં નારાજગી એ વાતને લઈને છે કે સરકાર નકલ રોકવાના નામે આટલી સખ્તાઈ કરી રહી છે, પરંતુ દેશના કોઈપણ રાજ્યમાં નકલ કરનારા અને કરાવનાર વિરુદ્ઘ અત્યાર સુધી કોઈ કડક કાયદો પ્રદેશમાં નથી. નકલ રોકવાના નામે અલગ-અલગ રાજ્યોમાં દરેક પરીક્ષા દરમ્યાન નવા નિયમો લાગુ કરી દેવામાં આવે છે. કેટલીય જગ્યાએ તો ઈન્ટરનેટ સુદ્ઘાં બંધ કરવાના સમાચારો આવ્યા છે. તેમ છતાં ના નકલ અટકે છે કે ના નકલ કરાવનાર ટોળકી ખતમ થઈ રહી છે,

## છત્તીસગઢમાં સૌથી વધુ ગરીબી

# યુપી,બિહાર,ઝારખંડ અને મધ્યપ્રદેશમાં ૧૦માંથી દરેક ત્રીજો વ્યક્તિ ગરીબી રેખાની નીચે

### દેશની ૨૧.૯ ટકા વસ્તી ગરીબી રેખાની નીચે છે : ગ્રામિણ વિકાસ મંત્રાલય



નવીદિલ્હી,તા.૨૨

કેન્દ્ર સરકારે લોકસભામાં જે આંકડા રજુ કર્યા છે તે અનુસાર દેશમાં ૨૭ કરોડ લોકો ગરીબી રેખાની નીચે આવે છે.ગ્રામીણ વિસ્તારમાં રહેનાર વ્યક્તિ રોજ ૨૬ અને શહેરમાં રહેનાર વ્યક્તિ ૩૨ રૂપિયા પણ ખર્ચ કરી શકતા નથી તો તે ગરીબી રેખાની નીચે માનવામાં આવશે.જયારે રાજયોની વાત કરીએ તો છત્તીસગઢ સૌથી વધુ ગરીબ છે.જયારે યુપી બિહાર ઝારખંડ અને મધ્યપ્રદેશમાં ૧૦માંથી દરેક ત્રીજો વ્યક્તિ ગરીબી રેખાની નીચે છે.

આંકડા અનુસાર ગરીબી રેખાથી નીચે જીવન પસાર કરનારા સૌથી વધુ છત્તીસગઢના છે આ રાજયની ૪૦ ટકા વસ્તી ગરીબી રેખાની નીચે જીવી રહ્યાં છે.ઝારખંડ,મણિપુર અરૂણાચલ બિહાર ઓરિસ્સા આસામ મધ્યપ્રદેસ અને ઉત્તરપ્રદેશ એવા રાજય છે જયાંની ૩૦ ટકા અથવા તેનાથી વધુ વસ્તી ગરીબી રેખાની નીચે જીવન જીવી રહ્યાં છે એટલે કે આ રાજયોમાં દરેક ૧૦માંથી ત્રીજો વ્યક્તિ ગરીબી રેખાની નીચે આવે છે.

લોકસભામાં ગરીબી રેખાથી જોડાયેલ સવાલ પર ગ્રામીણ વિકાસ મંત્રાલયે માહિતી આપતા કહ્યું કે દેશની ૨૧.૯ ટકા વસ્તી ગરીબી રેખાથી નીચે છે.આ આંકડો ૨૦૧૧-૧૨નો છે આવું એટલા માટે કારણ કે ત્યારબાદથી ગરીબી રેખાની નીચે જીવન પસાર કરનારા લોકોનો હિસાબ લગાવવામાં આવ્યો નથી

સરકારની ગરીબી રેખાની પરિભાષા અનુસાર ગામમાં જો કોઇ દર મહીને ૮૧૬ રૂપિયા અને શહેરમાં ૧૦૦૦ રૂપિયા ખર્ચ કરી રહ્યું છે તો આવી સ્થિતિમાં તે વ્યક્તિ ગરીબી રેખાની નીચે આવતો નથી.દેશમાં હાલ ૨૧.૯ ટકા વસ્તી ગરીબી રેખાની નીચે છે.

એટલે કે ૧૦૦માંથી ૨૨ લોકો એવા પણ છે જે મહીનાના હજાર રૂપિયા પણ ખર્ચ કરી શકતા નથી

દેશ જયારે આઝાદ થયો હતો ત્યારે દેશની લગભગ ૮૦ ટકા વસ્તી ગરીબી રેખાની નીચે આવતી હતી.આઝાદીના ૭૫ વર્ષ બાદ ગરીબી રેખાની નીચે જીવન પસાર કરનારા લોકોની વસ્તી ઘટી ૨૨ ટકા પર આવી ગઇ છે જો તેને સંખ્યામાં જોવામાં આવે તો કોઇ ખાસ અંતર આવ્યું નથી દેશની આઝાદીના સમયે ૨૫ કરોડ વસ્તી ગરીબી રેખાની નીચે હતી હવે ૨૬.૯ કરોડ વસ્તી ગરીબી રેખાની નીચે છે.

# ઋષિ સુનકનાં સપનાં પર પાણી ફરી શકે છે પાણી, લિઝ ટ્રૂસે યુકેના વડાપ્રધાન બની શકે છે : સર્વે

### હવે તેમને ટોરી સભ્યોમાં ખૂબ જ મુશ્કેલ મતનો સામનો કરવો પડશે. લિઝ ટ્રસને પહેલેથી જ બોરિસ જોન્સનનું સમર્થન છે

લંડન,તા.૨૨

બ્રિટનની સાથે-સાથે આ દિવસોમાં ઋષિ સુનકને લઈને ઘણી ચર્ચાઓ થઈ રહી છે. તેનું કારણ એ છે કે તેઓ ભારતીય મૂળના છે અને બ્રિટિશ વડાપ્રધાન પદના પ્રબળ દાવેદાર માનવામાં આવે છે. અત્યાર સુધી વોટિંગમાં સુનકનું પરફોમન્સ જોરદાર દેખાઈ રહ્યું હતું. પરંતુ હવે એક સર્વેના પરિણામો બતાવી રહ્યા છે કે ઋષિ સુનકનું સપનું ઊંધુ થઈ શકે છે. હકીકતમાં, આ નવા સર્વેમાં, વિદેશ સચિવ લિઝ ટ્રૂસે બ્રિટનના આગામી વડા પ્રધાન બનવાની રેસમાં ઋષિ સુનક કરતાં ૨૮ વોટની લીડ લીધી છે.

યોગોએ અગ્રણી બ્રિટિશ આંતરરાષ્ટ્રીય ઈન્ટરનેટ આધારિત બજાર સંશોધન અને ડેટા વિશ્લેષણ કરતી કંપની છે. યોગો સર્વે મુજબ, કન્ઝર્વેટિવ પાર્ટીના સભ્યોએ ગુરુવારે બોરિસ જોન્સનના અનુગામી પસંદ કરવા માટે ઋષિ સુનક અને લિઝ ટ્રસ માટે મતદાનના અંતિમ રાઉન્ડમાં ભાગ લીધો હતો.

જહોન્સનની સરકારમાં નાણામંત્રી રહેલા ઋષિ સુનક માટે પણ પીએમ બનવાનો રસ્તો સરળ જણાતો નથી, કારણ કે હવે તેમને ટોરી સભ્યોમાં ખૂબ જ મુશ્કેલ મતનો સામનો કરવો પડશે. લિઝ ટ્રસને પહેલેથી જ બોરિસ જોન્સનનું સમર્થન છે. આ અઠવાડિયાની શરૂઆતમાં સ્કાય ન્યૂઝના અહેવાલ મુજબ, આંકડા સૂચવે છે કે ૪૬ વર્ષીય ટ્રૂસ ૪૨ વર્ષીય ભૂતપૂર્વ ચાન્સેલર ઋષિ સુનકને વન-ઓન-વન લડાઈમાં ૧૯ પોઈન્ટથી હરાવશે.

હકીકતમાં, બુધવાર અને ગુરુવારે ૭૩૦ કન્ઝર્વેટિવ પાર્ટીના સભ્યોના મતદાન અનુસાર, ૬૨ ટકાએ કહ્યું કે તેઓ ટ્રસને મત આપશે. તે જ સમયે, ૩૮ ટકા લોકોએ ઋષિ સુનકને પોતાનો મત આપવાની વાત કરી. જયારે કેટલાક એવા પણ હતા જેઓ બેમાંથી એકને પણ મત આપવા માંગતા ન હતા. પીએમની ખુરશી સુધી પહોંચવા માટે, હવે સુનકે કન્ઝર્વેટિવ પાર્ટીના અંદાજિત એક લાખ ૬૦ હજાર મતદારોને તેમના પક્ષમાં પોસ્ટલ બેલેટ નાખવા માટે તૈયાર કરવા પડશે. યુકેના નવા વડાપ્રધાનનું નામ ૫ સપ્ટેમ્બરે

ખુરસીથી હવે એક જ ડગલું પાછળ છે. તેમણે કન્ઝર્વેટિવ પાર્ટીના નેતાની ચૂંટણી માટે આયોજિત પાંચમા તબક્કાના વૉટિંગમાં ધમાકેદાર જીત હાંસલ કરી છે. તેમને કુલ ૧૩૭ મત મળ્યા છે, જ્યારે લિઝ ટ્રસ ૧૧૩ મત સાથે બીજા સ્થાને છે.

પેની મોર્ડન્ટ ૧૦૫ મત મેળવીને આ મુકાબલામાંથી બહાર નીકળી ગયા છે. ભારતીય મૂળના પૂર્વ ચાન્સેલર ઋષિ સુનકને તેમની પાર્ટીના સાથીદારો દ્વારા ચોથા તબક્કાના મતદાનમાં ૧૧૮ મત મળ્યા હતા.

એ વખતે લિઝ ટ્રસને ૮૬ અને પેની મોર્ડન્ટને ૯૨ મત મળ્યા હતા. રાજકીય વિશ્લેષકોના મતે, ઋષિ સુનકે વડાપ્રધાન બનવા જાદુઈ આંકડો પાર કરી લીધો છે. બોરિસ જોનસનની જગ્યાએ તેમને ૧૨૦ મતની જરૂર હતી, પરંતુ સુનકે બધી જ મુશ્કેલીઓ પાર પાડીને પાંચમા તબક્કામાં ૧૩૭ મત મેળવ્યા, એ ખૂબ મોટી સફળતા છે. આ જીત પછી સુનકની ટીમે કહ્યું હતું કે સાંસદોના સ્પષ્ટ જનાદેશ સાથે આ મજબૂત પરિણામ છે.

# છુટાછેડા

કાઠમંડુમાં શ્રી પશુપતિનાથનાં દર્શન કરીને ત્યાંની હોટેલમાં તેનાં માતાપિતા સાથે રાત્રી રોકાયેલ મિતેષ હોટેલ બહાર આવેલ પાર્લર પાસેના ખુલ્લા ચોકમાં બેઠો હતો.સાંજના આઠ વાગ્યા હતા. એ સમયે આઠેક વર્ષનું એક નાનકડું ભુલકું પાર્લર પર કંઈક લેવા આવ્યું.

મોબાઈલોમાં વ્યસ્ત મિતેષની નજર અચાનક એ બાળક પર પડી.જોતાં જ મિતેષના મોંઢામાંથી શિષકારો નિકળી ગયો.બાળક વસ્તુ લઈને નિકળે એના પહેલાં તો મિતેષ ઉભો થઈને બાળક પાસે ગયો અને બાળકનો હાથ પકડીને કહ્યું,"બેટા! કહાં સે આયે હો?"

બાળકે કહ્યું, "અહમદાબાદ ગુજરાત."

"તને ગુજરાતી ભાષા આવડે છે?"-મિતેષના પ્રશ્નનો હકારમાં જવાબ મળતાં જ મિતેષે બીજો પ્રશ્ન પુછ્યો,"કોની સાથે અહીં આવ્યો છે?"

"મમ્મી સાથે."-કહીને બાળક કુદતો કુદતો હોટેલમાં પલાયન કરી ગયો.

મિતેષના મનમાંથી બાળકનો ચહેરો ખસતો નહોતો. એના મન પર એનું બાળપણ સવાર થઈ ગયું.કેવો અદ્દલ હતો એ બાળકનો ચહેરો! બિલકુલ પોતાના બાળપણના ચહેરા જેવો! બાળપણના ફોટો આલ્બમમાં મિતેષે જોયેલી તસવીરો તદ્દન એ બાળક જેવી જ હતી.

મિતેષ ગામડા ગામના સામાન્ય પરિસ્થિતિના માબાપનું એકમાત્ર લાડકવાયું સંતાન. પિતા હરેશભાઈ અને માતા નયનાબેન.શહેરના પડખામાં જ આવેલ વતનનું ગામ એટલે હરેશભાઈ શહેરમાં એક જથ્થાબંધ કરિયાણાની દુકાનમાં નોકરી કરે ને સાંજે ઘેર આવે.દુકાનનો માલિક સ્વાભાવે ઉદાર અને માયાળું એટલે હરેશભાઈનો પગાર પણ ઠીક પ્રમાણમાં આપે અને આકસ્મિક જરૂરિયાતમાં પણ ટેકો કરતાં પાછો ના પડે.

માતા નયનાબેન આમ તો ગૃહિણી છતાંય ગામમાં વાર તહેવારોમાં છુટક મજુરી કરતાં અચકાય નહીં અને ઘરમાં ટેકારૂપ બનતાં રહે.

હરેશભાઈએ મિતેષને બાળપણથી જ શિક્ષણ માટે પ્રોત્સાહન આપ્યું.નયનાબેનની સતત દેખરેખ તો ખરી જ.ફળસ્વરૂપ મિતેષ કાયમ અભ્યાસમાં અવ્વલ રહ્યો અને અમદાવાદમાં મલ્ટીનેશનલ કંપનીમાં ઉંચો પગારદાર બની ગયો.

માબાપના દુઃખના દિવસો દુર થઈ ગયા.

મનમાં બાળપણ સવાર કરીને બેઠેલ મિતેષના મગજ પર બાળપણ પછીનો ભૂતકાળ પણ પીછો છોડવા માગતો નહોતો.

નોકરી મળતાં જ મિતેષે જીવનસાથી શોધવાના પ્રયત્નો આદરી દીધા પરંતુ તેને ક્યાં ખબર હતી કે, કોઈ યુવતિ તેને મનનો માણિગર બનાવીને જ બેઠી છે!

મિતેષ પોતાની કંપનીમાં નોકરી કરતા મિત્ર સંજય સાથે એક ફ્લેટમાં ભાડે રહેતો હતો.એ જ ફ્લેટમાં કંપનીમાં નોકરી કરતી ત્રણ છોકરીઓ પણ રહેતી હતી.સામ સામે દરવાજા હોવાથી એકબીજાનો પરિચય તો થયો જ હતો.

ક્યારેક રસોઈની આપલે તો ક્યારેક સાથે નાસ્તાપાણીએ એકબીજાને નજીક લાવી દીધાં તે ખબર પણ ના રહી! મિનાક્ષી નામની છોકરી મિતેષ પર મોહી પડી.

એક દિવસ મિનાક્ષીએ સીધેસીધું મિતેષને પુછી પણ લીધું. મિતેષે પોતાનાં માબાપને ગામડેથી બોલાવીને મિનાક્ષી સાથે પરિચય કરાવીને બધી હકીકત કહીં.

વાત આગળ વધી.મિનાક્ષીના પરિવાર સાથે સંપર્ક, પરિચય અને છેવટે સગાઈ સગપણ થયાં ને ધામધૂમથી લગ્ન પણ લેવાઈ ગયાં.

લગ્નના એકાદ મહિને મિતેષે નવો ફ્લેટ ભાડે લઈને પોતાનાં માબાપને સાથે બોલાવી લીધાં.

હરેશભાઈએ એ વખતે ખુબ આગ્રહપૂર્વક કહ્યું કે,"બેટા! તું અને મિનાક્ષીવહુ બે ચાર વર્ષ મોજમજા કરો.કમાવા માટે હજી હું સમક્ષ છું. પછી આમેય તમારી સાથે રહેવા આવી જઈશું."

તો વળી નયનાબેને તો મિતેષને વિનંતીભાવે કહ્યું કે,"દિકરા! વહુ નવા જમાનાની છે એટલે બે પાંચ વર્ષ ખમી જા. અત્યારે તો તેના શોખ પુરા કર.એકાદ બાળબચ્ચું થશે એટલે અમે સામેથી ચાલીને આવી જઈશું."

પરંતુ મિતેષે તો માબાપને કહી જ દીધું કે, "મિનાક્ષી સારા ઘરની છોકરી છે.તમે ચિંતા ના કરો."

નવા જમાનાને ખુબ સારી રીતે સમજી ચુકેલાં હરેશભાઈ અને નયનાબેન મિનાક્ષી સાથે અનુકુળ થઈને જ રહ્યાં પરંતુ મિનાક્ષીનો સાસુ સસરા પ્રત્યેનો અણગમો વધતો જ ગયો. હરેશભાઈ અને નયનાબેનનું જીવન એકદમ સાદગીભર્યું હતું. નયનાબેન તો મિનાક્ષી કહે તેમ ખડા પગે હાજર રહેતાં.ઘરકામનું દરેક કાર્ય નયનાબેને સહર્ષ સ્વિકારી લીધું હતું તો કરિયાણું, શાકભાજી તો હરેશભાઈના માથે હતું છતાંય ખાઈ વધતી ગઈ.

એકલવાયા અને સ્વતંત્ર, સ્વછંદી જીવનની લઘુતાગ્રંથિ મિનાક્ષીમાં ઘુસી ગઈ.

બસ, એક વર્ષના લગ્નજીવનમાં તો મિનાક્ષીએ મનિષને ચોખ્ખા શબ્દોમાં કહી દીધું,"ક્યાં તો હું નહીં કે ક્યાં તો તમારાં મા બાપ નહીં! બેમાંથી એકની પસંદગી કરી લ્યો મિતેષ."

સમાધાન ના થયું તે ના જ થયું.હર્યોભર્યો સંસાર વિખેરાઈને જ રહ્યો.મિનાક્ષીએ છુટાછેડા લઈ લીધા.

મિતેષ ભાગી પડ્યો. હરેશભાઈ અને નયનાબેને ઘણો સમજાવ્યો પરંતુ મિતેષના મિનાક્ષી પ્રત્યેના નિર્મળ પ્રેમે એને હલબલાવી નાખ્યો હતો.એને એક સાચા પ્રેમ સામે વિશ્વાસઘાતનો અહેસાસ થઈ રહ્યો હતો."પ્રેમ" નામના શબ્દ પર નફરત થઈ ચુકી મિતેષને.મિતેષે એના જીવથીય વધારે ખ્યાલ રાખ્યો હતો મિનાક્ષીનો છતાંય વગર વાંકે સાવ અચાનક છોડીને ચાલી ગઈ?પ્રેમનું બંધન તો પારકાનેય પોતીકાં બનાવે છે તો આતો સગાં માબાપ એવાં સાસુ સસરાનેય પોતાનાં બનાવી ના શકી મિનાક્ષી!

છુટાછેડાના પંદરમા દિવસે મિતેષ મુંબઈમાં નોકરી શોધીને ચૂપચાપ માબાપ સાથે મુંબઈ ઉપડી ગયો.

એના હૃદય પર એવો ઘાવ લાગી ચુક્યો હતો કે, બીજાં લગ્નની ઈચ્છા તો મરી પરવારી ચુકી હતી.

છંછેડાયેલ માનુની મિનાક્ષીએ છુટાછેડાના માત્ર બીજા મહિને તો કપિલ નામના છોકરા સાથે લવમેરેજ કરી લીધાં.કપિલ પૈસાદાર માબાપનું સંતાન હતો.

લગ્નના પાંચમા જ દિવસે મિનાક્ષીને ઉલ્ટીઓ થવા લાગી. દવાખાને ડોક્ટરે તપાસ કરતાં ખબર પડી કે, 'મિનાક્ષી મા બનવાની છે. ચોથો મહિનો ચાલે છે.'

થથરી ઉઠી મિનાક્ષી.હવે શું કરવું? ના વિચારોમાં ને વિચારોમાં મહિનો પસાર થઈ ગયો.કપિલ સહિત તેના આખા પરિવારને મિનાક્ષીના પ્રથમ લગ્ન વિષે ખબર તો હતી જ એટલે બીજો કોઈ તો પ્રશ્ન નહોતો. કપિલનાં પણ મિનાક્ષી સાથેનાં આ બીજાં લગ્ન હતાં.ફરક એટલો કે કપિલે એની પહેલી પત્નિને છુટાછેડા આપ્યા હતા. બીજું કે કપિલની પ્રથમ પત્નીની ચાર વર્ષની દિકરી પણ હતી.જેની ખબર મિનાક્ષીને લગ્ન પહેલાં કરવામાં આવેલ હતી પરંતુ કપિલ સહિત તેના પરિવારનું મિનાક્ષી સાથેનું વર્તન હવે સાવ બદલાઈ ગયું હતું એ મિનાક્ષીના ધ્યાને જરૂર આવ્યું.

સમયચક્ર ફરતું રહ્યું.પુરા મહિને મિનાક્ષીએ દિકરાને જન્મ આપ્યો.કપિલના પરિવારમાં તો કોઈ ઉત્સાહ નહોતો પરંતુ જાણ્યે અજાણ્યે મિનાક્ષીનું માતૃત્વ છલકાઈ ઉઠ્યું હતું અને કદાચ એટલે જ કપિલના પરિવારનાં વાણી વર્તન એને ડંખી રહ્યાં હતાં.

ખુદ મિનાક્ષીનો આત્મા પોકારી રહ્યો હતો,'તું મા બની છે મિનાક્ષી.બાળકનો પિતા મિતેષ છે પરંતુ મા તો એની તું જ છે મિનાક્ષી! છતાંય તને બાળક પર પ્રેમ ના હોય તો સોંપી દે એના બાપને!'

અસમંજસની સ્થિતિમાં એક વર્ષ વીતી ગયું ત્યાં જ કપિલ સહિતના પરિવારે પોત પ્રકાશ્યું."છોકરાને કાં તો હવે એના બાપને સોંપી દઈએ કે પછી ગમે તે બહાને અનાથાશ્રમમાં મુકી દઈએ."

મિનાક્ષીના પગ નીચેથી જમીન સરકી ગઈ.એણે મિતેષ વિષે તપાસ તો કરી હતી પરંતુ કોઈ ભાળ મેળવી શકી નહોતી. આજની હકીકતથી તો એને રીતસરનો આઘાત લાગ્યો.ઘણું મનોમંથન કરી જોયું.એના આત્માએ એને ધિક્કારીને કહી દીધું,' જોઈ લે મિનાક્ષી! હાથનાં કર્યાં હૈયે વાગ્યાં ને! તેં ખુદ તારા પતિને એનાં માબાપથી અલગ કરવા માટે પ્રયત્નો કર્યા હતા ને! જોઈ લે મિનાક્ષી!આજે તારો બીજો પતિ તારા દિકરાને મા થી અલગ કરવાનો પ્રયત્ન કરી રહ્યો છે.કેવો અનુભવ થાય છે હવે? તું તો એકલી રહેવા ટેવાયેલી છે!છોડી દે આ દિકરાને! '

કોમામાંથી બહાર આવી હોય તેમ મિનાક્ષી એકલી એકલી હાંફવા લાગી.અજાણતાં જ કપિલ અને મિતેષની સરખામણી કરી બેઠી.મિતેષ અને એના માબાપની એકદમ પ્રેમભરી જીવનશૈલી એના માનસપટ પર ચલચિત્રની જેમ સરકી રહી હતી.પુરા પાંચ દિવસના ગુમસામભર્યા ચહેરે મનોમંથન કર્યા પછી છઠ્ઠા દિવસની સવારે મિનાક્ષીએ કપિલ આગળ બેધડક નિર્ણય જાહેર કરી દીધો,"મારે તારાથી છુટાછેડા લેવા છે કપિલ.હું આ બાળકને એકલી રહીને ઉછેરીને મોટો કરીશ."

મિનાક્ષીનાં માબાપે આવીને મિનાક્ષીને ઘણું સમજાવી પરંતુ મિનાક્ષી એક ની બે ના થઈ.એણે જાહેર કરી દીધું કે, "હું એકલી જ રહીશ.હવે હું તમારા ઘેર પણ રહેવા માંગતી નથી."

છેવટે કપિલથી છુટાછેડા લઈને મિનાક્ષી તેના પુત્ર મિલન સાથે એકલી રહેવા લાગી. મીનાક્ષીનાં મમ્મીની વિનંતી પછી વિધવા દાદીને પાસે રાખવા સંમત થઈ ગઈ.આમેય દાદી સાથે બાળપણથી જ મિનાક્ષીને ખુબ બનતું.

મિલનને પ્રથમ ધોરણમાં પિતા તરીકે મિતેષનું નામ આપીને દાખલ કર્યો.

થોડી સમજણ આવતાં જ મિલનના અજબ ગજબના પ્રશ્નોની શરૂઆત થઈ ગઈ,"મમ્મી! મારા પપ્પા આપણી પાસે ક્યારે આવશે? મમ્મી! આજે મારી સ્કૂલમાં રાહુલનાં દાદા -દાદી આવ્યાં હતાં, શું મારે દાદા-દાદી નથી? મારાં મેડમ મને કહેતાં હતાં કે, દાદા દાદી તો સરસ મજાની વાર્તાઓ કહે. મારાં દાદા-દાદીને પણ વાર્તાઓ કહેવા બોલાવને મમ્મી!"

કોઈ જવાબો નહોતા મિનાક્ષી પાસે! જીંદગીના સરવાળાને જાતે જ બાદબાકી કરી બેઠી હતી મિનાક્ષી.

ભગવાને આપેલ ઝગમગતી જ્યોત સ્વરૂપ જીંદગીને અંધકારની ગર્તામાં ધકેલી ચુકી હતી મિનાક્ષી. એને મિતેષ યાદ આવતો હતો પરંતુ ક્યાં હતો મિતેષ!!!!

થાકી પાકી ઓફિસેથી ઘેર આવતાંની સાથે જ જીંદગીની ભૂતાવળ એના પર સવાર થઈ જતી હતી.મિનાક્ષીનાં દાદી એને જરૂર સાંત્વના આપતાં પરંતુ એમની પાસેય કોઈ ઉપાય ક્યાં હતો?

જોતજોતામાં સમય વહી રહ્યો હતો.મિલન ત્રીજા ધોરણમાં આવી ગયો પરંતુ હજી સુધી મિતેષની ભાળ તો મળી જ નહોતી.

અશાંત અને બેચેન મિનાક્ષીએ ઉતર ભારત નેપાળનું તિર્થાટન કરવાનું નક્કી કર્યું.દાદી અને મિલન સહિત ઉપડી ગઈ યાત્રા કરવા.

હરેશભાઈ અને નયનાબેને મિતેષને બીજાં લગ્ન કરવા ઘણો સમજાવ્યો પરંતુ "સમય આવવા દો"-ના પ્રત્યુતરે આઠ વર્ષ વિતાવી દીધાં. હરેશભાઈને મનમાં કંઈક સુઝતાં એમણે નયનાબેનને હકીકત કહી, "એકદમ સાચી વાત છે તમારી મિતેષના પપ્પા! મિતેષને યાત્રા કરાવીએ. એ બહાને એના જીવનને થોડી સાતા જરૂર મળશે.સાથે સાથે આપણે પણ પ્રભુ, દેવી દેવતાઓને પ્રાર્થના કરશું.પ્રભુ નવા જીવન માટે દિકરાને જરૂર પ્રેરણા આપશે. "

બસ, મિતેષ પણ પોતાની ગાડી લઈને માબાપ સાથે ઉપડી ગયો તિર્થાટન કરવા.અત્યારે કાઠમંડુમાં હોટલની બહાર બેસીને ભૂતકાળને વાગોળી રહ્યો છે.રાત્રીના સાડા નવ વાગી ચુક્યા છે.

મિનાક્ષીનાં દાદીને પેટમાં થોડા દુખાવા જેવું લાગતાં સોડાની બાટલી લેવા મિલનને લઈને મિનાક્ષી પાર્લર પર આવી.

મિતેષને હજી એજ જગ્યા પર બેઠેલ જોઈને મિલને કહ્યું, "અંકલ તમે હજી અહીં જ બેઠા છો? ઉંઘ નથી આવતી હજી? "

પોતાના બોલકા સ્વાભાવનો દિકરો કોની સાથે વાત કરી રહ્યો છે?એ જોવા મિનાક્ષીએ નજર ફેરવી.

પગ એમ જ થંભી ગયા મિનાક્ષીના.આંખો પટપટાવીને જોવા લાગી. મિતેષને બરાબર ઓળખતાં જ એની આંખો ટપકવા લાગી.થોડાઘણાં ત્યાં હાજર યાત્રાળુઓની હાજરીમાં જ અશ્રુધારા વહેવા લાગી.સૌ કોઈ સમજે, વિચારે એના પહેલાં તો એણે મિલનને હાથેથી પકડીને રૂમ તરફ દોટ મુકી.

મિતેષે પણ મિનાક્ષીને ઓળખી લીધી હતી.એની આંખમાંય આંસુ હતાં. એક પળનોય વિલંબ કર્યા વગર મિતેષ પણ ઝડપભેર પાછળ ગયો. સાથે સાથે મિનાક્ષીની બસ સાથેનાં અને અન્ય હાજર યાત્રાળુ પણ ખરાં!

ખુલ્લા રૂમમાં મિનાક્ષી દાદીના ખોળામાં માથું નાખીને રડી રહી હતી.દાદી "શું થયું ?શું થયું? "કહી રહ્યાં હતાં.મિનાક્ષી કંઈ જવાબ આપી રહી નહોતી.

થોડા ટોળા સહિત મિતેષ મિનાક્ષીના રૂમના દરવાજે આવીને ઊભો રહ્યો ત્યારે દાદીને મિલન જવાબ આપી રહ્યો હતો, "દાદી! એક અજાણ્યા અંકલને જોઈને મમ્મી જોરજોરથી રડવા લાગી અને રૂમમાં દોડી આવી."

દિકરાનો જવાબ સાંભળતાં જ મિનાક્ષીનું રૂદન થંભી ગયું.આંસુ લુંછી બેઠી થઈને મિનાક્ષી બોલી ઉઠી,"બેટા! એ તારા અજાણ્યા અંકલ નહીં પરંતુ તારા પપ્પા છે.હા બેટા! એ તારા પપ્પા છે."

કોલાહલ સાંભળીને નીચેના માળની રૂમમાં રોકાયેલ મિતેષનાં મમ્મી પપ્પા પણ આવી પહોંચ્યાં.

મિતેષને શું કહેવું એ કંઈ સુઝતું નહોતું. છેવટે થોડું મનોબળ ભેગું કરીને બોલ્યો, "શું વાત છે મિનાક્ષી? "

તો મિનાક્ષીના પણ કંઈ બોલવાના ક્યાં હોશ હતા!

છેવટે શરૂઆત તો મિનાક્ષીએ જ કરી. મિતેષ સાથેના છુટાછેડાના કારણથી લઈને આજસુધીનું પોતાનું જીવનવૃતાંત કહીને મિનાક્ષી એટલું જ બોલી,"મિતેષ! આપની અમાનત આપને સોંપવા માંગું છું.એનો સ્વિકાર કરવાની ના પાડતા નહીં.બાકી મેં તો તમને અને તમારા પરિવાર સાથે દગો કર્યો છે.હું તમારા માટે લાયક નથી.યાત્રા પુરી થયે મિલન દિકરાને તમને સોંપવા માંગું છું."

ટોળામાંથી તાળીઓ સંભળાઈ.એ તાળીઓ નયનાબેનની હતી. તેઓ ધીરે ધીરે રૂમમાં આવ્યાં અને મિલનના માથા પર હાથ મુકીને બોલ્યાં, "જો બેટા! હું તારી દાદી છું.બોલ બેટા! તારે મમ્મી પાસે રહેવું છે કે પપ્પા સાથે."

મિલન તો આ બધું ચકળવકળ આંખે જોઈ અને સાંભળી રહ્યો હતો.એને ઝાઝી સમજ પડતી નહોતી.ત્યાં જ મિનાક્ષીનાં દાદી બોલ્યાં,"બોલ દિકરા બોલ! "

છેવટે મિલન ધીરે ધીરે બોલ્યો,"બન્ને સાથે.દાદા-દાદી પણ ખરાં જ.એમના વગર મને વાર્તાઓ કોણ સંભળાવે."

સન્નાટો છવાઈ ગયો ઘડીભર.....

છેવટે મિતેષે મિનાક્ષીનો હાથ પકડીને ઉભી કરી.લતા જેમ વૃક્ષને વિંટળાઈ વળે તેમ મિનાક્ષી મિતેષ સાથે વિંટળાઈ વળી.

પવિત્ર ભૂમિના પવિત્ર તીર્થસ્થાનની હોટેલ પર ટોળાની તાળીઓનો ગુંજારવ માનવ હૈયાંને ભાવવિભોર કરી રહ્યો હતો.મિનાક્ષીનાં દાદી અને મિતેષનાં માવતરના આનંદની કોઈ સીમા નહોતી...

સવારે આરતી ટાણે અશ્રુભરી આંખે મિતેષ અને મિનાક્ષી ભોળાનાથને પ્રાર્થના કરીને વિનવી રહ્યાં હતાં.

એ વિનંતીમાં શું હશે એ વાચકો પર છોડું છું.

.......................

લેખક-નટવરભાઈ રાવળદેવ.થરા.

તા-૧૫/૦૭/૨૦૨૨

### વિશ્વા વાસણાવાલા, ચેન્નઈ ખાતે રમાનાર ચેસ ઓલમ્પીયાડમાં ભાગ લેનારી ગુજરાતની પ્રથમ મહિલા ખેલાડી બની



હાલમાં જ વુમન ઈન્ટરનેશનલ માસ્ટર બનનારી ગુજરાતની વિશ્વા વાસણવાલા ચેસ ઓલમ્પીયાડ માટેની ભારતી ત્રીજી મહિલા ચેસ ટીમમાં સમાવિષ્ટ કરવામાં આવી છે. વિશ્વા ચેસ ઓલમ્પીયાડમાં ભાગ લેનારી ગુજરાતના ઈતિહાસની પ્રથમ મહિલા ખેલાડી બનશે. મહાબલિપુરમ, ચેન્નઈ ખાતે ૪૪મી ચેસ ઓલમ્પીયાડનું આયોજન તા.૨૮ જુલાઈ થી ૧૦ ઓગષ્ટ દરમ્યાન થવા જઈ રહ્યું છે. સૌપ્રથમવાર ભારતમાં આ ઓલમ્પીયાડનું આયોજન થવા જઈ રહ્યું છે. આ ટુર્નામિન્ટનું આયોજન યજમાન દેશ તરીકે ભારત હોવાથી તે ત્રણ ટીમ ટુર્નામિન્ટમાં ઉતારી શકેશે. વિશ્વા હાલ સાઈબીરીયમાં ચાલી રહેલી ટુર્નામિન્ટમાં રમી રહી છે. વિશ્વાનું હાલનું રેટીંગ ૨૩૦૫ છે.આ ઓલમ્પીયાડમાં કુલ ૩૫૦ જેટલી ટીમનાં ૧૮૦૦થી વધુ ખેલાડીઓ ભાગ લઈ રહ્યા છે. અમદાવાદની વિશ્વાએ રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય કક્ષાએ ઘણી ટુર્નામિન્ટોમાં ભાગ લીધો છે અને નોંધપાત્ર સિધ્ધીઓ હાંસલ કરી છે. વિશ્વાનો હવે પછીનો ધ્યેય ડબલ્યુજીએમ (વુમન ગ્રાન્ડ માસ્ટર) બનવાનો છે અને જે તરફ તે ખૂબ જ કુનેહપૂર્વક આગળ વધી રહી છે.વિશ્વાએ કહ્યું કે આ રમત રમવાની પ્રેરણા તેના પિતા ડૉ. હિતેષ વાસણાવાલા પાસેથી મળી અને તેના કુટુંબીજનોએ તેને આ રમત રમવા માટે પ્રોત્સાહન પુરૂ પાડ્યું છે. વિશ્વાનો સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા ચલાવવામાં આવતી શક્તિદૂત યોજનામાં પણ સમાવેશ થયેલ છે.શ્રી અજય પટેલ તેમજ શ્રી ભાવેશ પટેલે (વાઈસ પ્રેસીડન્ટ, ગુજરાત સ્ટેટ ચેસ એસોસીએશન) વિશ્વાને આ સિધ્ધી પ્રાપ્ત કરવા બદલ ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા અને કહ્યું કે વિશ્વા ચેસની રમતમાં ગુજરાતની એકમાત્ર પ્રતિભાશાળી ખેલાડી છે કે જેનો ચેસ ઓલમ્પીયાડમાં ભારતની ટીમમાં સવમાવેશ થયો છે જે ગુજરાત માટે ગર્વની વાત છે.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ



**NOG SS NO : 117**
શીર્ષક : ' સંગીત ની વાતો '
પ્રકાર : ગદ્ય (લેખ)

' સંગીત ની વાતો '

જે શબ્દ માં જ ગીત રહેલું છે, એવા સંગીત ની અવનવી વાતો આજે લઈને આવી છું.સંગીત અને સુર આ બે શબ્દ જ કેટલો હાશકારો આપે છે ! અને જ્યારે સંગીત ની વાત આવે ત્યારે આ સંસ્કૃત પંક્તિઓ યાદ આવે જ આવે.

સાહીત્ય સડાતકલાવિહીનઃ સાક્ષાત્પશુઃ પુત્છવિષાણહીનઃ .
તૃણં ન ખાદન્નપિ જીવમાનત્સભ્દાગધ્યેય પરમં પશુનામ્.

અર્થાત્ જે મનુષ્ય સાહિત્ય, સંગીત અને કલા થી પરે છે, એ પૂંછ અને શિંગડા વગર ના સાક્ષાત જાનવર સમાન છે. એ ઘાસ ખાધા વગર જ જીવે છે,એ પશુઓ નું સદભાગ્ય છે.

સંગીત માટે એવું કહેવામાં આવે છે કે, બ્રહ્મા એ નારદ મુનિ ને સંગીત વરદાન માં આપ્યું હતું. ભારતીય સંગીત ના મૂળ સ્રોત વેદ ને માનવામાં આવે છે. વેદો નું જ્ઞાન મૌખિક રીતે જ ગુરુ - શિષ્ય પરંપરા માં પ્રાપ્ત થતું. ભારતીય સંગીત ની વિશેષતા જ કંઈક અલગ છે. આટ - આટલી વિશિષ્ઠ શૈલીમા જે ગવાયું છે તેની વાત અત્યંત નિરાલી છે.શાસ્ત્રીય સંગીત, ઉપશાસ્ત્રીય સંગીત, સુગમ સંગીત અને લોક સંગીત એમ ચાર વિભાગો માં વહેચાયેલું છે આપણું ભારતીય સંગીત. કહેવાય છે કે, સંગીત નો ઈતિહાસ પાંત્રીસ હજાર વર્ષ જુનો છે.

સંગીત માત્ર તેના સાત સુર થી જ છે એવું નથી. પંખીઓ નો કલરવ હોઈ,કે પછી પગમાં ઝાંઝરી પહેરીને પા - પા પગલી કરતી ઘરની લાડકવાયી દીકરી હોઈ,કે પછી રસોડા માં રસોઈ કરતી સ્ત્રી ની બંગળી ની ખનક હોઈ,કે રાત્રે બાળક ને હાલરડું ગાઈ ને સુવડાવતી માતા હોઈ,કે ગામડામાં સવાર ના પહોરમાં વલોણું ચલાવતી સ્ત્રી હોઈ દરેક ના રણકાર માં સંગીત ના સુર છે. દરેક ના ઝણકાર માં અલગ જ મીઠાશ છે.તેને ન તો કોઈ સુર ની જરૂર છે કે ન તો કોઈ લય કે તાલ ની.સૌ પ્રથમ વખત જ્યારે સંગીત ના સુર છેડાયા હશે એ ક્ષણ કેવી અદભુત હશે..!! તેની કલ્પના માત્ર થી જ રુવાડાં ઊઠી જાય છે.

વૈજ્ઞાનિક દ્દષ્ટિએ પણ સંગીત માનવશરીર માટે ખુબ ફાયદાકારક છે.સારું સંગીત મનુષ્ય ના હ્રદય ને તંદુરસ્ત અને મગજ શાંત રાખે છે. માતા ના ઉદર માં રહેલું બાળક પણ સંગીત સાંભળી શકે છે અને તેની સામે પ્રતિક્રિયા પણ આપે છે. વૈજ્ઞાનિકો એવું પણ કહે છે કે, જો સંગીત ચાલુ કરીને ઝાડ - પાન ને પાણી પીવડાવવા માં આવે તો તેની વૃદ્ધિ ઝડપથી થાય છે.

આ તો માત્ર એક નાનકડી ઝલક છે પણ, સંગીત અને સુર માટે તો ગ્રંથો લખાય તો પણ ઓછા છે.

- મેઘના કામદાર

---

**NOG SS No : 0082**
પ્રકાર : ગદ્ય
શીર્ષક : સુર ,સંગીત, અને સાધના

સા, રે ,ગ ,મા, પ, ધા ,ની ,સા
આ સંગીતની સૂરાવલી એ એકમાત્ર સંગીત પૂરતી નથી ,
જીવનના ઊતાર ચઢાવમા પણ
સંગીતના આરોહ અવરોહ રુપિ
રિધમ જોવા મળે છે,
જયારે આપણા ઘરમા કોઈપણ પ્રકારની મહત્વની ચર્ચા ચાલતી હોય ,અને તેને સર્વાનુમતે અનૂમોદન મળે,
તો તેને એકસૂરમા વધાવીએ ,
તેમા સંગીત રૂપી એક રાગની
પ્રતીતી થાય ,
આ જીવનમા જો ગીત સંગીત અને સ્વરને સમાવવામાં આવેતો
આધી વ્યાધિ અને ઉપાધિ થી મનુષ્યનું જીવન દુર થાય,
"જેનુ મન શુદઘ એનુ તન શુદઘ"
આ વાકયને સાર્થક કરવા માટે
દરેકના જીવનમાં સંગીત એક અનમોલ જડીબુટ્ટી સમાન છે,
વરસતા વરસાદ ની મોસમમા દરેક વ્યક્તિ ઓછાવતતા અંશે ધીમા અવાજે નાના મોટા અંશે ગીતોને ગણગણતો હોય છે,
હ્દય ના એકખૂણામાં સંગ્રહ પામેલી જૂની યાદો ઠંડી સુવાસ અને મીઠી લહેરમા જીભ પર વગર આમંત્રણે ગોઠવાઈજાય છે,
સુર એ સંગીતનો પાયોછે
સૂરાવલી એ સંગીતની સીડીછે
તાલબદ્ધ સંગીત મા સુર અને સૂરાવલી નો સંગમ થાય એટલે
સુમધુર, ગઝલ, ગીત,કવિતાની રચના નુ અવતરણ થાય,
ડોકટર અનિરૂદ્ધ વ્યાસ
એડમનટન. કેનેડા

---

***NOG SS No* : *0110***
પ્રકાર : ગદ્ય- નિબંધ લેખ
વિષય : સૂર, સંગીત અને સુરાવલી
શબ્દો : ૩૪૯
શીર્ષક : ' તાના-રીરીની સંગીતની લગન'
લેખકનું નામ : નિખિલ કિનારીવાળા (અમદાવાદ)

આજે જ્યારે આપણે સૂર અને સંગીતની વાત કરવી છે ત્યારે સૌ પ્રથમ સૂર-સંગીતમાં શ્રેષ્ઠ એવી ગુજરાતની દીકરીઓની ઈતિહાસમાં અમર થઈ ગયેલી વાત સહજ પણે યાદ આવી જાય. આ બંને દીકરીઓ એટલે ૧૬મી સદીમાં વડનગરમાં રહેતી, સંગીતના રાગ રાગીણીમાં નિપુણ જોડિયા બહેનો તાના અને રીરી.

તાના અને રીરી એ નરસિંહ મહેતાની પુત્રી કુંવરબાઈની પુત્રી શર્મિષ્ઠાની જોડીયા દીકરીઓ હતી અને ગુજરાતના વડનગરમાં નિવાસ કરતી હતી. નાગરોના નગર વડનગરની શાસ્ત્રીય સંગીત અને કળાના ક્ષેત્રમાં એક આગવી ઓળખ હતી. તાના-રીરી બંનેને ઉત્તર હિન્દુસ્તાની શાસ્ત્રીય સંગીતમાં કુશળતા પ્રાપ્ત હતી. એવું કહેવાતું કે તાના-રીરી જ્યારે ઋતુઓ પ્રમાણે રાગ ગાતી ત્યારે તેની સીધી અસર પ્રકૃતિ, પ્રાણીઓ અને શ્રોતાગણની અનુભૂતિમાં પણ સ્પષ્ટપણે દેખાતી.

તે અરસામાં દિલ્હીમાં શહેનશાહ અકબરના દરબારમાં સંગીતના રાગના પ્રખર અભ્યાસી તાનસેને શહેનશાહ અકબરના શાહઝાદીની જીદને વશ થઈ દરબારમાં રાગ દિપક ગાઈને દિપક પ્રગટાવ્યા. તાનસેન જાણતા હતા કે, દિપક રાગ ગાવાથી તેમના શરીરમાં એવો દાહ ઉત્પન્ન થશે કે જે માત્ર રાગ મલ્હાર ગાવાથી શમી શકશે. હવે શરીરમાં બળતરાથી ત્રસ્ત તાનસેન સમગ્ર ભારતમાં રાગ મલ્હારના અભ્યાસીની શોધમાં નીકળી પડ્યા. ફરતાં ફરતાં તેઓ ગુજરાતના વડનગરમાં આવી પહોંચ્યા.

તળાવને કાંઠે સવારમાં પાણી ભરવા ઘડા લઈને આવેલી બહેનોમાં તાના-રીરી પણ સામેલ હતી. તાના-રીરીને અદભુત સંગીતના સૂર રેલાવતા જોઈને તાનસેનને વિશ્વાસ બેઠો કે આ બંને દીકરીઓ રાગ મલ્હાર ગાઈને તેના શરીરની જલન દૂર કરી શકશે. આ તરફ તાના-રીરી પણ તાનસેનને જોતાં જ સમજી ગઈ કે તેના શરીરમાં રાગ દિપકને કારણે ઉત્પન્ન થયેલો દાહ તેને પીડા દઈ રહ્યો છે. ઘરે જઈ તાના-રીરીએ પોતાના પિતાશ્રીને આ બાબતે વાત કરી. આ વાત સાંભળતા જ તાના-રીરીના પિતાશ્રી તળાવ તરફ દોડીને ગયા અને તાનસેનની કથની જાણી. તેમણે દીકરીઓ તાના-રીરી મલ્હાર રાગ ગાઈને તાનસેનને શરીરના દાહમાંથી મુક્તિ અપાવશે તેવું વચન આપ્યું.

વડનગરના પ્રાચીન હાટકેશ્વર મહાદેવના મંદિરમાં તાના-રીરીએ રાગ મલ્હાર ગાઈને રજૂ કર્યો. આકાશમાં કાળા ડિબાંગ વાદળો ઘેરાવા લાગ્યા. વર્ષા થઈ અને તાનસેન શરીરના દાહમાંથી મુક્ત થયા. તાના-રીરીએ તાનસેન પાસેથી વચન લીધું કે, તેમના વિશે બાદશાહને કોઈ જાણ કરવી નહીં. દિલ્હી પરત થતાં બાદશાહના આગ્રહને વશ થઈને તાનસેને તાના-રીરી વિશેની માહિતી છતી કરી. શહેનશાહના આદેશથી સૈનિકોએ તાના-રીરીને શોધીને દિલ્હી લાવવા માટે વડનગર તરફ પ્રયાણ કર્યું. આ જાણતાં જ તાના-રીરીએ જળ સમાધી લઈ લીધી. આજે પણ વડનગરમાં તાના-રીરીની યાદમાં બે દેરીઓ અકબંધ છે. આવી હતી તાના-રીરીની સંગીતની લગન.

નિખિલ કિનારીવાળા, અમદાવાદ
૨૧ જુલાઈ ૨૦૨૨

# ગૃહસ્થ જીવન



સંત નિરંકારી મિશન સાથે જોડાયેલા આપણે સૌ સુપરિચિત છીએ કે જ્ઞાન લેતી વખતે આપણને પાંચ પ્રણ વિશે માહિતી આપવામાં આવે છે. એ પાંચ પ્રણ માત્ર લેવા ખાતર લેવાનાનથી હોતાએ પાંચેય પ્રણ આપણા જીવનમાં અમલમાં મૂકવાના હોય છે.

આજે અહિં આપણે ચોથા પ્રણ વિશે વાત કરીશું. ચોથું પ્રણ ગૃહસ્થાશ્રમમાં રહેવા વિશેનું છે.અર્થાત આપણે ભક્તિ તો કરવાની છે પણ ગૃહસ્થ બનીને , ગૃહસ્થાશ્રમમાં રહીને, કારણ સંત નિરંકારી મિશન ક્યારેય પરિવારનો વિચ્છેદ નથી ઇચ્છતું. બલ્કે પરિવારમાં બધા સભ્યો હળીમળીને ભક્તિકરવાથી પરિવારમાં પ્રેમ, આદર, સત્કારની ભાવના ઉત્પન્ન થાય છે. આપણે સૌ અર્થાત, સમગ્ર વિશ્વના માનવો એક જ પરમપિતા પરમાત્માના સંતાન છીએ. તો સ્વાભાવિકપણે જ કોઇની સાથે ભેદભાવ રહેતો નથી. ને અંગ્રેજીમાં કહેવત પણ છે ને ''ઝરર્ઠૈંઅિ ક્ષીૈહજ ઇં ર્દ્વી''. એ ન્યાયે પણ આપણા ઘરમાં લોકો સ્નેહ,પ્રેમ જોશે અને સ્વાભાવિકપણે જ જ્યાં પ્રેમ હોય ત્યાં વેર,ઈર્ષા, નિંદા , નફરતને કોઇઘરમાં કોઇ સ્થાન જ ના હોય. તો ઝગડાને તો ક્યાંથી એ ઘરમાં સ્થાન મળે? અને આ જોઇને આજુબાજુના અને સમાજના લોકો, સગા-સબંધીઓ પણ આકર્ષાય અને વિચારતા થઈ જાય આમના ઘરનું વાતાવરણ આટલું સારૂ કઈ રીતે? ટૂંકમાં કહીએ તો એ ઘરમાં અલૌલિક વાતાવરણ સર્જાય અને એ રીતે આપણે સંત નિરંકારી મિશનનું પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે હરતું ફરતું પ્રચાર માધ્યમ બની જઈશું . આપણે અલગથી સમય કાઢીને પ્રચાર કરવાની જરૂર પડશે નહિ. આજે સમયના સદગુરૂ સુદિક્ષા માતાજી પણ એ જ તોઇચ્છે છે. સમયના સદગુરૂ બાબા હરદેવજી મહારાજે હમેશા બાલ સંગતને પ્રાધાન્ય આપ્યું હતું. જેથી કાલનું ભવિષ્ય એવા બાળકોમાં બાળપણમાં જ સારા સંસ્કારનું સિંચન થાય. પણ, બાળકોને સત્સંગ સુધી પહોંચાડવાનું કામ પરિવારના વડીલો જ કરી શકે. એ ત્યારે જ શક્ય બને જ્યારે બધા ગૃહસ્થી હોય. બાબાજી હમેશા કહેતા બાળકોનું પહેલું વિદ્યાલય ઘર હોય છે. જ્યાં બાળકનો શારીરિક જ નહિ માનસિક વિકાસ પણ થાય છે. અને એટલે જ નિરંકારી મિશને સંયુક્ત કુટુંબની ભાવનાને પણ મહત્વ આપ્યું છે. આજે આપણે જોઇએ છીએ દરેક શહેરમાં વૃધ્ધાશ્રમો ખુલતા જાય છે અને તેમ છતા પણ વૃધ્ધોનું વેઈટીંગ લીસ્ટ વધતું જાય છે. તો ક્યાંક અનાથાશ્રમો દિવસે દિવસે વધતાં જાય છે. આ પરિસ્થિતિ ઉપસ્થિત ન થાય એટલા માટે જ ગૃહસ્થાશ્રમમાં રહીને જ ભક્તિ કરવા પર સંત નિરંકારી મિશન જ્ઞાન આપતી વખતે પ્રણ લેવડાવે છે. દાસીનું તો એ માનવું છે કે દરેક ઘરમાં માત્ર એક વ્યક્તિ પણ જો સંત નિરંકારી મિશન સાથે જોડાયેલી હોય તો એ ઘરના તમામ લોકોમાં એમના સદગુણો આવતા જ જશે . અને એ ઘર સ્વર્ગ સમાન થઈ જશે.

આજે જે રીતે વૃધ્ધાશ્રમો અને અનાથાશ્રમો વધતા જાય છે એ જોતાં દાસીનું એ પણ માનવું છે કેઆ બન્ને વૃધ્ધાશ્રમો અને અનાથાશ્રમો એક જ છત નીચે હોવા જોઇએ જેથી વૃધ્ધોને બાળકોનો અને બાળકોને વૃધ્ધોનો સહવાસ મળી રહે અને આવા સ્થાનો પર ગૃહસ્થોએ સમયાંતરે સત્સંગ ના કાર્યક્રમો રાખવા જોઇએ જેથી એમના મનમાંથી એમને ત્યજનાર સગાઓ પ્રત્યેના દુ:ખની કે ઘૃણાની ભાવના ઓછી થાય અથવા તો નામશેષથઈ જાય. આપણે સૌ પાંચ પ્રણ પૈકીના આ ચોથા પ્રણ ગૃહસ્થાશ્રમ જીવનમા રહીએ અને બીજાને પણ એ જ પ્રેરણા આપીએ.

# માત્ર રૂપિયા ૫ હજારના ખર્ચે હોલિયુ પદ્ધતિ થકી ૧૦ વીઘા ખેતરમાં હજારો લિટર પાણીનો કર્યો સંગ્રહ

**પોતાના જ ખેતરમાં ૫૫ ફૂટ પાઈપ જમીનમાં ઉતારી વરસાદી પાણીનો કરે છે સંગ્રહ અને એ પાણી આખા વર્ષ દરમિયાન ખેતીમાં ઉપયોગી બને છે**

**આ વર્ષે જ ૯૦ મણ ચણાનો પાક આ પદ્ધતિના ઉપયોગ થકી લીધો**

આલેખન - ગોપાલ મહેતા



માંડલ તાલુકાના શેર ગામના ખેડૂત ભાઈલાલભાઈ ઉકાભાઇ પટેલે પોતાની કોઠાસૂઝથી પાણી જમીનમાં ઉતારવા માટેની એક પદ્ધતિ પોતાના ખેતરમાં અપનાવી છે. આ પદ્ધતિથી તેઓ હજારો લિટર પાણીનો સંગ્રહ કરે છે અને એ જ પાણીનો ઉપયોગ આખા વર્ષ દરમ્યાન ખેતીમાં તેમજ વાવણીમાં કરે છે. આ પદ્ધતિના ઉપયોગ થઈ ૨૦૧૬થી અત્યાર સુધીમાં ચણા, એરંડા, કપાસ જેવા અનેક પાકો પોતાના ખેતરમાં વાવ્યા છે.

આ અંગે વાત કરતા ખેડૂત ભાઈલાલભાઈએ કહ્યું કે, એક ખેડૂત હંમેશાં ખેતી માટે પાણી પર નિર્ભર હોય છે. ક્યારેક સારો વરસાદ પડે તો ખેડૂત સારો પાક લઇ શકે છે અને વરસાદ સારો ન પડે તો અનેક સમસ્યાઓ પણ ઊભી થતી હોય છે. આપણે જોયું છે કે વરસાદી પાણી ખેતરોમાંથી વહી જતું હોય છે અને મોટાભાગનું પાણી વેડફાઇ જતું હોય છે. આ વેડફાઇ જતાં પાણીનો સદઉપયોગ કરીને તેનો ખેતીમાં ઉપયોગ કર્યો છે. મેં વર્ષ ૨૦૧૬માં માત્ર રૂપિયા ૫૦૦૦ના ખર્ચે આ પદ્ધતિનો ઉપયોગ શરૂ કર્યો હતો. આ પદ્ધતિ અપનાવવા માટે મેં મારા ૧૦ વીઘા ખેતરમાં સૌથી નીચો ભાગ એટલે પાણી જ્યાં ભરાઇ રહે એવો ભાગ શોધ્યો. ખેતરના આ ભાગમાં મેં ૫૫ ફૂટ જેટલું ઊડો બોર પાડ્યો અને તેમાં ૫૫ ફૂટની પાઇપ ઉતારી છે. આને કારણે મારા ખેતરનું પાણી ખેતરની જમીનમાં જ નીચે ઊતર્યું. આજે આ પદ્ધતિનો મને એટલો મોટો ફાયદો મળી રહ્યો છે કે વરસાદી પાણી સીધે-સીધુ આ પાઈપ મારફતે જમીનમાં ઊતરી જાય છે.

અને હજારો લીટર પાણીનો સંગ્રહ મારા ખેતરમાં જ થઇ રહ્યો છે.

આ પદ્ધતિથી કેવા લાભો થઇ રહ્યા છે તેની વાત કરતા ભાઇલાલભાઇ ઉમેરે છે કે, આજે આ પદ્ધતિના ઉપયોગ થકી જે પાણી પાઈપ મારફતે સીધે-સીધુ ખેતરમાં ઊતરી જાય છે તેના કારણે મારી ૧૦ વીઘાની જમીનમાં ભેજ જળવાઈ રહે છે. આજે મારે ખેતી માટે પાણી શોધવા ક્યાંક જવું પડતું નથી. મેં આ પાઇપના હોલિયાની (હોલ) બાજુમાં એક મોટર મૂકી દીધી છે. જેનાથી જે પાણીનો સંગ્રહ જમીનમાં થયો છે એ જ પાણી જમીનમાંથી ખેંચીને ખેતરના વાવાણી સમયે તેમજ ખેતીના સમયમાં પાણી પીવડાવવાના હોય ત્યારે પણ આ જ પાણીનો ઉપયોગ કરું છું. આ પદ્ધતિના ઉપયોગ થકી ૨૦૧૬થી અત્યાર સુધીમાં ચણા, એરંડા, કપાસ જેવા અનેક પાકો ખેતરમાં લીધા છે. એટલું જ નહીં, આજ વર્ષે ૨૦૨૨માં મેં ૯૦ મણ ચણાનો પાક પણ આ પદ્ધતિથી લીધો છે. આજે આ પદ્ધતિ મારી આસપાસના ખેતરના અનેક ખેડૂતોએ અપનાવી છે.

શું છે હોલિયુ પદ્ધતિ

-જમીનથી અંદર કુત્રીમ કોતર ઊભી કરવામાં આવે છે.

- ત્યારબાદ તેમાં એક પાઈપ કોતરમાં ઉતારવામાં આવે છે

- જેમાં વરસાદી પાણીનો સંગ્રહ થાય છે

- આજ જ પાણીનો જરૂરિયાત સમયે ખેતી માટે ઉપયોગ થાય છે

# ખાંસી

**હરગિજ નહીં દઉં મારી ખાંસી હાંસી,**
**માંગે છે કોણ?બાઈ ખાધે રાખ ખાંસી!**
**તારી જાતને ભલેને કમલનયની ગણે,**
**ભલે ને બંને આંખો હોય સદંતર ત્રાંસી.**
**સવારનો ભૂલેલો રાતે ઘરે આવે વાંધો નથી,**
**પછી ભલે જગત આખું ઉડાવે રોજ હાંસી.**
**ઉદાસી વાયરા જેવી ચેપી,સૌને લપેટી લે,**
**અગરબતીની ધૂમસેર જેવી સુંગધી છે ખુશી .**
**કાવડ લઈ ગંગાજળ લાવવાના મનોરથ,**
**ખાટલે ખોડ કૂતરાનો સંઘ પહોંચે કાશી?**
**ભરત વૈષ્ણવ**
**૨૨.૭.૨૦૨૧.**

# રીપોલિંગ

કોઠિયા ઘવાયેલા સિંહની જેમ ચેમ્બરમાં આંટા મારતો હતો. ગુસ્સાથી ધૂંધવાયેલ હતો. અત્યાર સુધીમાં દસ સિગારેટ ફૂંકી ચૂક્યો હતો. ચાના બાર કપ પેટમાં પધરાવી ચૂક્યો હતો.રાતના ચાર ગણવા કે વહેલી સવારના ચાર કહેવા તેની વિમાસણ હતી. !!

કોઠિયાને ચાર વાગ્યા સુધી જાગવાનો શોખ ન હતો. કોઇ છમકછલ્લોને પામવા માટે જાગતો ન હતો!! પોઠિયાને વહેલી સવારે ફલાઈટ પકડવાની હોય અને કેબની રાહ જોતો હોય તેવું પણ ન હતું!!

કોઠિયાની ખુરશી પાછળની દિવાલમાં ચૂંટણી અધિકારી વિધાનસભા મત વિસ્તાર એવું ઈલેકશન કમિશન ઓફ ઈન્ડિયાની કલર પેટર્નમાં લખેલું બોર્ડ ટાંગેલું હતું.

કોઠિયા છ ફૂટની કદ કાઠીનો તેત્રીસ વર્ષીય ઓફિસર. સીધી ભરતીનો નાયબ કલેકટર. ગાલ પર ખીલના ડાઘા. આછી કાળી દાઢી.લાલ-કાળી ચેકસનું ઈન કરેલ શર્ટ. બ્લેક પેન્ટ. હાથ પર ડીજીટલ ઘડિયાળ. પોલીસ ખાતાને શોભે એવું દેહ સૌષ્ઠવ. સિંઘમનો અજય દેવગન લાગે!!

આજે એસેમ્બલી ઈલેકશનું વોટીંગ હતું. કોઠિયા સવારે ચાર વાગ્યે ઉઠી દૈનિક ક્રિયાથી પરવારી લોકલ વોટિંગ બુથમાં મોક પોલનું રેન્ડમ નિરીક્ષણ કરવા ગયેલો. પક્ષના એજન્ટોની હાજરીમાં પચાસ મત નાંખીને પોલિંગ ઓફિસર મતદાન પૂર્વે મોક પોલ યોજે. મોકપોલના આંકડા દેખાડે અને રીપોર્ટ તૈયાર કરી હાજર હોય તેની સહી કરાવે . પછી મોકપોલના ડેટા ઈરેઝ કરે. ઈવીએમને ગુલાબી કાગળનું સિલ લગાવી ફાઈનલ વોટિંગ માટે તૈયાર કરે. ઈવીએમને મારેલ ગુલાબી સિલ મત ગણતરી સમયે ખોલવામાં આવે. ચૂંટણીની સેક્રટીટી જાળવવા ચૂંટણીતંત્ર તમામ પ્રયત્ન કરે!

મતદાન પૂરું થાય ત્યારે તમામ બુથના પ્રિસાઈડિંગ અને ફસ્ટ પોલિંગ ઓફિસર બસ કે ફાળવેલ વાહનમાં બેસી રિસિંવિંગ સેન્ટર પર આવે. વૈંધાનિક, ગેરવૈધાનિક પરબિડીયા, મતદાનને દિવસે બનેલ ઈવેન્ટ, પોસ્ટર બેલેટ, વધેલા કવર, સૂતળી , લાખ, ગુંદર, સિલ ,સાહિત્ય અલગ અલગ કાઉન્ટર પર જમા કરાવે. બધું બરાબર હોય તો ઈલેકશન ડ્યુટી રિલિવ ઓર્ડર મળે એટલે પ્રિસાઈડિંગ- પ્રથમ મતદાન અધિકારીને ગંગા-ગોમતી નાહ્યાની લાગણી થાય. ચૂંટણીના મતદાનની તારીખના આંગળના દિવસે તાલુકા ડિસ્પેચ સેન્ટરથી મતદાન માટે સાહિત્ય-સામગ્રી સાથે નીકળ્યો હોય. રાત્રે મચ્છરો કરડ્યા હોય. સ્લિપવેલના ઘરના ગાદલા પર સૂવાના બદલે શાળાના બાંકડા કે ટેબલ પર ચાદર પાથરીને સૂતા હોય. મનમાં અંજપો હોય. ઊંઘ કયાંથી આવે? સવારે જેમતેમ દૈનિક પ્રક્રિયા પતાવી મતદાનની મેરેથોન દોડ. અલગ અલગ ખોપરીવાળા સાથે પનારો પાડવાનો હોય. મતદાન પૂરું થાય એટલે મતદાનના આંકડાના પત્રકોતૈયાર કરી કવરોમાં પેક કરી લાખથી સિલ લગાવી બસ કે વાહનની રાહ જોવાની. બસમાં હડદોલા ખાઈને રિસિવિંગ સેન્ટર પહોંચવાનું . જુદા જુદા કાઉન્ટર પર ઈવીએમ, કવરો,વધેલી સામગ્રી જમા કરાવો . એમાં પણ જોઈતી માહિતીની નકલ ન રાખી હોય તો બધાના સિલ તોડીને માહિતી આપવી પડે. બિલાડાના બચોળિયા જેવા સામાન પાછો સિલ કરવો પડે. ઘણથી છૂટી પડેલી ગાય ભાંભરે તેમ ચૂંટણી સ્ટાફ ઘરભેગો થવા ઈચ્છતો હોય! મોડીરાતે ઘરે જવા માટે તંત્રી વાહનની વ્યવસ્થા ન કરી હોય. બસ ,જીપ,છાપાની ટેકસી, ટ્રક, ટમ્પો ,રેલવે, છકડો, મિલ્કવાન,ગાડું જે મળે તેમાં બેસીને ઘરે જવાની વિહ્વળતા હોય છે!!

કોઠિયા ચૂંટણી અધિકારી કહેવાય પણ વાસ્તવમાં ચૂંટણી કમિશન, ઓબ્ઝર્વર, કલેક્ટરનો વાણોતર કહેવાય. પડ્યો બોલ ઝીલવાનો હોય!!બાકી ઈવેન્ટ મેનેજર જ કહેવાય.

કોઠિયા અકળાયો હતો. પચાસ- સાંઠ કિલોમીટરની રેન્જમાં હોય તેવા પોલિંગ સેન્ટરના ઈવીએમ આવી ગયા પણ રામપુર પોલિંગ સ્ટેશનનો સ્ટાફ આવ્યો ન હતો.રામપુર ગોંડલનું ટવિન વિલેજ કહેવાય. પ્રાંત ઓફિસથી ઢેફું નાંખીએ તો રંગમહેલમાં પડે. આ પોલિંગ સ્ટેશનનું ઈવીએમ ન આવવાના લીધે જિલ્લા અને ચીફ ઈલેકટોરલ ઓફિસમાં મતદાનનો રીપોર્ટ જનરેટ કરી મોકલી શકાતો ન હતો. સીઈઓ ઓફિસમાંથી ઉઘરાણી આવી ગઇ હતી.

કોઠિયાએ બેલ મારી. પટાવાળો આવ્યો.

''બહાર કોઇ છે?''કોઠિયાએ પૂછ્યું.

" કમ્પાઉન્ડમાં ત્રણ જણા છે. બધા ચોધાર આંસુએ રડે છે.'' સંજય-પટાવાળાએ પૂરક માહિતી આપી.

" એને બોલાવ!'' કોઠિયાએ હુકમ કર્યો.

સંજય ત્રણ જણાને લઈને કોઠિયાની ચેમ્બરમાં લાવ્યો.

" બોલ કેમ રડો છો?''કોઠિયાએ બોરિયતસભર અવાજે પૂછ્યુ

" સાહેબ . ભૂલ થઇ ગઇ .અમે તમારી ગાય છીએ. તારો તોય તમે અને જીવાડો તોય તમે'' એમ કહી કોઠિયાના પગમાં પડી ગયા.

" ઠોકયાઓ, અત્યાર લગી કયાં સંતાઈ ગયા હતા! ડફોળો આઠ વાગ્યા પહેલાં મને કહ્યું હોત તો રીપોલ માટે જીલ્લા ચૂંટણી અધિકારી અને મુખ્ય ચૂંટણી અધિકારીને રીપોર્ટ કરી નાંખત.રાતના ત્રણ વાગ્યે સાલ્લાઓ ભસો છો''કોઠિયા બિન મોસમ પેલા પર ઉગ્રતાથી વરસી પડયા. રાતના ત્રણ વાગ્યે થાકેલા પાકેલા માણસ પાસે મેનર અને એટીકેટની અપેક્ષા વધારે ન કહેવાય?

કોઠિયાએ બેલના ઈજનેરને બોલાવ્યો. લગભગ દસ દિવસથી મફતના મદિરા ટટકાવતા ઐયરને પરિસ્થિતિ સમજાવી. ઐયર બેલેટ યુનિટની ચીપને સ્ક્રૂ ડ્રાઈવરથી ઘસી નાંખી. ઐયરે ઈવીએમ પડી જવાથી કરપ્ટ થયેલ છે તેવો રીપોર્ટ ધ્રુજતા હાથે કર્યો!!

કોઠિયાએ ગાંધીનગર ફોન કર્યો.

" પરમાર સાહેબ સોરી ટુ ડિસ્ટર્બ યુ!'' કોઠિયાએ પાણી પહેલાં પાળ બાંધી અને આખી વાર્તા કહી.

" કોઠિયા એક જ ઉપાય છે. ડયુ ટુ મિસ હેન્ડલિંગ ઈવીએમ રીપોલ ઇઝ રીકવાયર્ડ એવો રીપોર્ટ કર. ઈસીઆઇની મંજૂરી મેળવી તને જાણ કરૂ.'' પરમાર બોલ્યા.

ગાંધીનગરથી દિલ્હીના ટેલિફોનના દોરડા ધમધમી ઉઠયા. બે કલાકે સવારે છ વાગ્યે કમિશનની મંજૂરી મળી ગઇ!!

કોઠિયાની મુશ્કેલીનો કયાં અંત આવ્યો હતો? મુસીબતો લાવલશ્કર સાથે આવે છે. બે કલાકમાં નવો પોલિંગ સ્ટાફ નિયુક્ત કરવો, ઈવીએમ ફાળવવા, ગ્રાજજનોને મતદાન માટે તૈયાર કરવા ઝોનલ નીમવા વગેરે નિપટાવવાનુ હતું. કોઠિયાએ સરપંચના ઘરે જઇ પરિસ્થિતિ સમજાવી. સરપંચે ડાંડી પીટાવી. આઠ વાગ્યે મતદાન ચાલું થયું. સાંજે મતદાન પૂરું થયું એટલે કોઠિયાને હાશ થઈ!! તમામ રીપોર્ટિંગ પૂરું કરીને કોઠિયો પીંછા જેવા હળવો થઇ ગયો!તમે માનશો છેલ્લા ચાર દિવસથી ઉજાગરાથી થાકેલા કોઠિયાએ કવાર્ટરમાં જઇ સીધો પલંગ પર કૂદ્યો. રજાઇ ઓઢીને સૂઇ ગયો. પછી ત્રણ દિવસે ઉઠયો!!

ભરત વૈષ્ણવ..
૪.૭.૨૦૨૨.
( સત્ય ઘટના પર આધારિત)

